સુધરેલ રીત મુજબ

વર્નાક્યુલર ટેક્ષ્ટ બુકસ રીવિઝન કમિટીએ તૈયાર કરેલી.

બીજી ચોપડીના અર્થ.

(કવિતાની સમજુતી પાઠના સવાલ; પાઠનોસાર, જોડાક્ષરો; અઘરા શબ્દ ભૂગોળ તથા ડમ્બેલ્સની ડ્રીલ.)

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

મેસર્સ બી. ડી. શાહ એન્ડ. કો. ના

સોલએજંટ

શા. મગનલાલ મોતીરામ.

શાહપોર—સુરત.

સુધારેલી વધારેલી આવૃત્તિ.

અમદાવાદ મહીકાંઠા ગેઝેટ પ્રીન્ટીંગ પ્રેસમાં ખાસ મોતીલાલ છોટાલાલે છાપ્યા.

સને ૧૯૧૩. સંવત ૧૯૬૯.

કીંમત ત્રણ આના.

બીજી ચોપડીના અર્થ.

—— : o : ——

પાઠ ૧ લો.

મેજ=ટેબલ

સુથાર=લાકડાનું કામ કરનાર

મકાન=ઘર

કડીઓ=છો ઇંટનું કામ કરનાર

મઘમઘવું=ફૂલોની ખુશબોથી બહેક બહેક થઇ રહેવું

પવન=વાયુ વાવું

વાસ=સુગંધ; પીમળ

તળાવ=જેની ચારે બાજુ જમીન અને વચમાં પાણી હોય તે

પહાડ=ડુંગર

પાધર=પાદર, ગામના ઝાંપા બહારની જગો જ્યાં ઢોર ચરે છે તે

ધર્મશાળા=મુસાફરોને વગર ભાડાની ઉતરવાની જગા

વટેમાર્ગુ=રસ્તે જનાર માણસ; મુસાફર

ઓસરી=ઓટલી

ઉડાવવા=ઓછી કરવા

તડકો=તાપ; ગરમી

સુરજ=સુર્ય; રવિ

અજવાળું=સુરજ દીવા વગેરેનો જે પ્રકાશ તે

ઘોર=બીક લાગે એવું

ચંદ્રમા=ચાંદો; સોમ

મટે છે=જતું રહે છે; દૂર થાય છે

ઝગઝગે=પ્રકાશે

ઉજાસ=ઝાંખો પ્રકાશ

સરજ્યાં=બનાવ્યાં

કળાતું=સમજાતું

પરમેશ્વરે=ઇશ્વરે

હોશિયાર=ચાલાક; ચંચળ

પાડ=ઉપકાર; આભાર

યાદ=ફોમ; સુરત

ઉપકાર=પાડ; આભાર

હરરોજ=હંમેશાં

ભક્તિ=ભજન

સાર—હરરોજ ઇશ્વરની ભક્તિ કરવી.

પાઠ ૨ જો.

સવારનું વર્ણન=પ્રભાતની હકીકત

ગવૈયા=ગાયન કરનાર

મધુર=મીઠું

પંખેરું=પક્ષી

ભમર=ભમરો

મુલ્લાં=મુસલમાનનો નીમાજી; હોરાઓનો ધર્મગુરૂ

તુલ=અનાજ

અંધકાર=અંધારું

જાગ=ઉઠ

મુજ=મારા

બાળ=બાળક; છોકરા

પંખી=પાંખવાળાં જાનવર; પક્ષી

વન=જંગલ

વહાણું=સુરજ ઉગ્યા પહેલાંનો સમય

વાહાણું વાયું=સવાર થઇ

વીતી=ગઇ; પુરી થઇ

પૂર્વે=પૂર્વ દિશામાં

ઝગઝગાટ=પ્રકાશ; તેજ
ભાતભાતના=તરેહવાર; જુદી જાતના
દીસે=જણાય; દેખાય
પાન=પાંદડાં; પાંતરાં
ડોલે=હાલે
કુકડા=મરઘા
મેના=એક જાતનું સુંદર પક્ષી
ફુટડા=રૂપાળા; શોભિતા
તેજ=પ્રકાશ
ફીકું=ઝાંખું
ઉડી ગયું=જતું રહ્યું; દેખાતું બંધ થયું
કાળું=ઝાંખું; ફીકું
મોઢું કાળું થયું=મોઢું ફીકું પડ્યું; ઝંખવાઇ ગયા.
ખુણા ખાંચા=ગલીકુંચી; છુપી જગા
ખોળે=શોધે
ભક્તજનો=ભગતો
ધ્યાન ધરે=આંખો મીચી પરમેશ્વરને જુએ
ગાન=ગાયન
દાતા=સખી; ઉદાર
દીએ=આપે
રૂડું=સારૂં; ભલું

બાંગ=બૂમ પાડીને નિમાજ પઢવી તે; નિમાજ પઢવાને માટે બૂમ પાડવી તે.
તણો=નો
ઉદય થયો=ઉગ્યો
કમળ=કમળનું ફૂલ
પત્ર=પાંખડી
ખોલે=ઉઘાડે; ખીલે
ઉમંગી=હોંસીલા
ધાય=દોડે; ઉડે
ઢોર=ચોપગાં જાનવર, પશુ
ચારો=ખાવાનું
વેલી=વેલા; ભોંયપર પથરાતા છોડ
ધીમે ખીલે=ધીરે ધીરે; ફુટે
નહિભૂલ=વગર ચુકે; નિયમીત વખતે
તાજાં=તરતનાં ખીલેલાં
ટોળે=ટોળાબંધ; એકઠાં થઇને
વીરા=ભાઈ
મગન=ખુશી
કેરૂં=નું
ધ્યાન=ચિત્ત; મન
માતા=મા.

પાઠ ૩ જો.

વરસ=બાર મહીના
ઋતુ=મોસમ; રત
મહીનો=ત્રીસ દિવસ
કારતક=હિંદુ વરસનો પહેલો મહીનો
તહેવાર=આનંદનો દિવસ
ટાઢ=ઠંડ
દાદાજી=બાપના બાપ અથવા માના બાપ
પતંગ=કનકવા
શિયાળો=ટાઢની મોસમ
ઉડાડે છે=ચગાવે છે
ઉતરાણ=સંક્રાંત; સુરજનું ઉત્તર તરફ જવું તે
રત=ઋતુ; મોસમ
જાડાં=જાડા કુમાસના
ઊન=ઘેટાના વાળ
ગરમ=હુંફાળાં
કપડાં=લુગડાં
હોળી=ફાગણસુદ પુનેમ
ઉનાળો=તાપની મોસમ
સુદ=અજવાળીઉં, મહીનાનું પહેલું પખવાડીઉં
વદ=અંધારીઉં; મહીનાનું બીજું પખવાડીઉં
પખવાડીઉં=પંદર દિવસ
અમાસ=હિંદુ મહીનાનો

છેલ્લો દિવસ; જે દિવસે ચદ્ર બીલકુલ ઉગતો નથી તે દિવસ
તિથિ=દહાડો; દિવસ
વસ્ત્ર=લુગડાં
ઝીણું=પાતળાં ફુમાસના
પંખા=વીંજણા
ચોમાસું=વરસાદની ઋતુ
ખીલેછે=મોટા થાય છે
બળેવ=રક્ષા બાંધવાનો દિવસ; શ્રાવણ સુદ ૧૫: જનોઇ પહેરવાનો દિવસ
દશેરા=રક્ષાછોડવાનોદિવસ (આસો સુદ૧૦)
દિવાળી=હિંદુ વરસના છેલ્લા મહીનાનોછેલ્લો દિવસ; આસો વદ અમાસ
પર્વ=તહેવાર; ટાણું

સવાલ—વરસની ઋતુકેટલી અને તે કઇ કઇ ? દરેકઋતુના કેટલા મહીના અને તે ક્યા ક્યા ? વરસના મહીના કેટલા ? મહીનાના દિવસ કેટલા? પખવાડીઆં કેટલાં અને તે ક્યાં ક્યાં ? પખવાડીઆના દહાડા કેટલા ? મહીનામાં પુનમ અને અમાસ કેટલી આવે ? મહીનામાં બીજી તિથિઓ કઇ કઇ આવે અને કેટલીવાર આવે ? શિયાળો, ઉનાળો અને ચોમાસાને શેની મોસમ કહે છે ? દરેક ઋતુમાં ક્યા ક્યા તહેવાર આવે છે અને તે કઇ તિથિએ આવે છે?

પાઠ ૪ થો

મેળો=ઘણા માણસો અને ગાડી ઘોડા વગેરેની ઠઠ
ગોકળ આઠમ=શ્રાવણ વદ આઠમ; જન્માષ્ટમી
ધોએલાં=સાફ; મેલ વગરનાં
કડકડતાં=અસ્ત્રીવાળાં
ભાઇબંધ=દોસ્તદાર, સોબતી
બજાર=હાટ
ભારે=ઘણી
ઠઠ=ગીરદી, ભીડ; જમાવ
વછુટા=જુદા; છુટા
બેઉ=બંને
તરફ=બાજુ
હારબંધ=હારદોર
દુકાન=માલ વેચવાનું ઠેકાણું,
કંસારા=તાંબાપિતળનાં વાસણ બનાવનાર અથવા વેચનાર
તાંબું=લાલરંગની ધાતુ
પિતળ=તાંબુ અને જસતની મેળવણીથી બનેલી પીળા રંગની ધાતુ
સુખડીઆ=મીઠાઇ બનાવનાર; કંદોઇ
હાટ=દુકાન
કોપરાપાક=કોપરાનો બનાવેલો પાક
મિઠાઇ=ગળપણવાળી ચીજો; બરફી; પેંડા વગેરે
ખડકેલી=ગોઠવેલી

ખરાદી=સિંઘાડા ઉપર ઘાટ ઉતારનાર; સંઘાડિઓ
લક્કડ=લાકડાનો
સામાન=ચીજો, વસ્તુઓ
પલંગ=છત્રીવાળો કોચ
પારણું=હીંડોળા જેવું ઘોડીઉં
કોચ=બે બાજુ તકીઆવાળો પલંગ
પુષ્કળ=ઘણાં; બહુ
કાપડીઆ=કાપડ વેચનાર
સુતરાઉ=સુતરનું બનાવેલું
રેશમી=રેશમનું બનાવેલું
ઊનનું=ઘેટાના વાળનું બનાવેલું
શણુ=એકજાતનો છોડ (એની છાલનાં દોરડાં તથા કપડાં બને છે)
સરૈયા=સુગંધી વેચનાર; અતર, ગુલાબજળ, ફુલેલ વગેરે વેચનાર
બહેક બહેક=મઘમઘ
આરશી=મોટી આરશી
લીલા મેવા=તાજાં પાકાં ફળ
દ્રાક્ષ=દરાખ

ચોગાન=ખુલ્લું મેદાન
મદારી=ખેલ કરનાર;
ખેલ=રમત
સિપાઇ=પગે ચાલનાર ચોકીદાર
સવારો=ઘોડે બેસી ફરનાર સિપાઇ
ફુદડી ફરતી=ગોળાકારમાં ફરતી
રાજી=ખુશી
હરખ તો માયજ નહિ=ખુશાલીનો પાર રહ્યો નહિ; ઘણીજ ખૂશ થઇ

સવાલ—ગોકળઆઠમના મેળામાં શું શું જોયું?

પાઠ ૫ મો.

નઠારી=ખરાબ
સોબત=સંગત
બોર=બોરડીનાં ફળ
પટેલ=ગામનો ઉપરી
વાડી=ફૂલફળનાં ઝાડ છોડવાળી જગ્યા
મજા=ગમત
શેખી=પતરાજી; ખોટી મોટાઇ
પારકાં=પરાયાં, બીજાં

માને=કબુલ કરે, કહ્યું કરે
આખરે=અંતે; છેલ્લે
સમજાવીને=પટાવીને
ઝાંપો=કાંટાનો દરવાજો
આઘો=દૂર
ખાસાં=સારાં, મજાનાં
નિશાન=એંધાન
તાકીને=ધારીને
લૂમ=ઝુમખો
તૂટી પડે=નીચે પડે
ઘાટ=ઇલાજ, ઉપાય
રાસ=દોરડું
ઢગલેઢગલા=ઘણાજ; જથાબંધ
દોસ્ત=ભાઇબંધ
ઠીક=બરાબર
ફક્કડ=સારા
પછવાડે=પાછળ
રખેવાળ=સાચવનાર
સજ્જડ=જોરથી
ઝપાટો=સપાટો
લગાવ્યો=માર્યો
રોતો રોતો=રડતો રડતો
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ
અથડાયું=અફળાયું
ચકરી=તમ્મર; [illegible]

અંધારાં આવવાં તે
ધુંદાઇ=કચડાઇ
લોહીલોહાણુ=લોહીથી ખરડાએલું
વાડીવાળો=વાડીનો માલિક
લપડાકો=તમાચા
જીવ લઇને નાઠો=ખૂબ દોડયો
ફરીને=પાછળ
બાજુએ=પાસાપર
ખેંચી=તાણી
ધોલો=ધપ્પા, થપ્પડો
ચોઠી કાઢી=મારી
ફળ=ફાયદો, લાભ

કવિતાના અર્થ

અસર=લાગણી; પાસ
સંગ=સોબત, સંગત
રંગ=અસર, પાસ
પ્રેમ=પ્યાર
ઠામ=ઠેકાણું
ઠરશે=ઉભો રહેશે
રૂડો=સારો
બુરો=નઠારો; ખરાબ
મે'તા=મહેતાજી
ભાગ્યશાળી=નસીબદાર
વિદ્યા=ઇલમ; ભણતર; હુનર

સાર.

નઠારી સોબતથી તેની નઠારી અસર આપણાપર થાય છે માટે નઠારા માણસની સોબત કરવી નહિ અને સારા માણસની કરવી

પાઠ ૬ ઠો

રખડેલ=રખડતો
ખાતાંપીતાં હતાં=પૈસા ટકે સુખી હતાં
વયે=ઉમરે
આનંદ=ખુશાલી;હરખ
પારરહ્યોજ નહિ=ઘણોજ થયો
વધાઈ=વધામણી; ખુશ ખબર
ઓવારણાં=દુખડાં;મીઠડાં
ફોઈપગલુ=ફોઇના તરફથી જે પગલું બાંધવામાં આવે છે તે
ભેટ=ઇનામ; સરપાવ
લાડીલો=લાડમાંઉછરેલો; લાડકવાયો
કુટેવ=નઠારી આદત; ખરાબ ટેવ
પોળ=મોટીખડકી

અટકચાળાં=અડપલાં; કોઇને ખોટું લાગે એવું કર્યા કરવું તે
લડાઇ=વઢવાડ
ઇલાજ=ઉપાય
વંઠીજશે=બગડી જશે
સીધું ચાલવું=તોફાન મસ્તી ન કરવી
બહાને=નામે
ચૌટું=જયાં ચાર રસ્તા ભેગા થતા હોય તેવા બઝાર, બજાર
રઝળતો=રખડતો
ટોળું=જથો
મસ્તી=તોફાન
લાતાલાત=લાતબાજી
લાત=પાછલો પગ મારવો તે
ઉતરીગયો=સાંધામાંથી ખસી ગયો
તંમર=ચક્કર; ફેર
ભેંકડો તાણતો હતો=મોટે સાદે રાગ કાઢી રડતો હતો
હાડવૈદ=ઉતરેલું હાડકું બરાબર બેસાડનાર વૈદ
ખદખદતો=ઉનો ઉનો
લેપ=પરડ, વાટેલી દવા

ઓસડવેસડ=દવા ને તેના ઉપાય
વલે=દશા, ભુંડા હાલ,
ખો=આદત,ટેવ
શિખામણ=ફાયદાની વાત, બોધ
સુધરી ગયો=સારી રીતે ચાલવા લાગ્યો, કુટેવ છોડી દીધી.

સાર—નિશાળનું નામ દઇ રસ્તામાં રઝળવું નહિ અને નઠારાની સોબત કરવી નહિ

પાઠ ૭ મો

જક્કી=પોતાની મરજી પ્રમાણે ચાલનાર, જીદ્દી
વાછરડાં=ગાયનાં બચ્ચાં
લવારાં=બકરીનાં બચ્ચાં
પાડાં=ભેંસનાં બચ્ચાં
ગાડરાં=ઘેટીનાં બચ્ચાં
ચારો=ઘાસ વગેરે
નીરતો=નાખતો
ખાંધે=ખભે
ખેતર=અનાજ પાકે તે જગો
ઝાંડ=ચાકરાં, દેડાં રા અનાની દાણા
છાંયે=શીળે. છાંયડે
વાંસળી=વાંસની બનાવેલી વગાડવાની નળી
પાવો=પીસવો; સીસોટી
હુંફ=ગરમી
જતન=રક્ષણ; સંભાળ
રબારી=ઢોર ચરાવનાર
ઉચી=ઉંચી હૂક દેતી બંધ થઈ
જાગરતો=સાવચેતો: બરદાસ કરતો
વિઆય=જણે; બચ્ચાં અવતરે
ધણી=માલિક
સાચવણ=સંભાળ: બરદાસ
બાબત=વિષે
તકરાર=વઢવાડ; રકઝક
શિકારી=શિકાર કરનાર
અજાણ્યું=ઓળખાણ વગરનું
મોજ=મજા: આનંદ
અભાગીઉ=કમનશીબ

પાઠ ૮ મો.

ગોંધિ રાખતો=પૂરી મુકતો
ચેન=સુખ; મઝા
બંધીખાનું=કેદખાનું
પાધર=ખોરાક, ખુલ્લી જગા
ચાંદની=ચંદ્રનું અજવાળું
ખેલવું=રમવું
ઠરેલ=ડાહી
નાદાન=સમજણવગરનું; ઓછી અક્કલવાળું
સંભાળ=બરદાસ
સપડાઇ પડશે=હેરાન થશે; પકડાશે.
જક=જીદ; હઠ
લાગ=દાવ; તક
લાગ ફાવ્યો=તક મળી
સટકી ગયું=છાનું માનું નાશી ગયું
ઠેકવા=ઠેકડા મારવા
પાદર=ગામનાઝાંપા બહારની જગા
વગડો=જંગલ
કોતર=ગુફા; બખોલ
તરાપ=કુદકો; ફાળ
બોડ=ગુફા; બખોલ
ફાડી=ચીરી
કમોતે=વગર મોતે

સાર-મા, બાપ, મહેતાજી વગેરે કોઇ સારી શિખામણ આપે તે મુજબ ચાલવું; હઠ કરવી નહિ.

પાઠ ૯ મો.

રીસાળ=રિસાઇ જાય તેવો
સહેજ સહેજમાં=જરા જરાવારમાં
રીસ=ગુસ્સો; મિજાજ
છેડો=પાર
ભાગ્યે=કદાચ
આડોશીપાડોશી=આસપાસના ઘરના રહેનાર
બને નહિ=ફાવે નહિ
ભાઇ ભાંડુ=સગાં વહાલાં
જમણ=જમવાનું
પચવામાં=પાચનથવામાં
ચીસ=બીકથી બૂમ પાડવી તે
ટેવ=આદત
નકામો=અમથો
ઢોંગ=ફેલ; ફીતુર
વેદના=દુઃખ
ભોગવવી=ખમવી
મુદ્દલ=બીલકુલ; જરાપણ
ખોટું=માઠું; ખરાબ
પસ્તાયો=દીલગીર થયો
નડે છે=હેરાન કરે છે
સાર - જરા જરા વારમાં રિસાઇ જવું નહિ.

પાઠ ૧૦ મો

કવિતાના અર્થ

જાળ=કરોળીઆનું પડ; જાળું; ફાંદો
ફરીફરીને=વારંવાર
વિષે=બાબત
ગભરાય=અકળાય
વણ=વગર
તૂટેલે=તુટી ગયેલે
તાંતણે=તારે
મહેનત શરૂ કરી=મહેનત કરવા માંડી
માટ=માટે
હેઠું=નીચે
ફાવ્યો=પાર પડ્યો
ઘાટ=ઉપાય; રીત
ભીડ્યો=હોંસથી મંડ્યો રહ્યો
ધીરજ=સબુરી
નીરધાર=નક્કી
ખંત=ચેટક; કાળજી
યત્ન=મહેનત
ચગદાઇ=છુંદાઇ; દબાઇ
તળે=નીચે
મોત=મરણ
તજી=છોડી
અનંત=પ્રભોજ

લાભ=ફાયદો
પામે=મેળવે

પાઠ ૧૧ મો

ચકભિલ્લુ=એક જાતની રમત છે
કચ્છ ભીડી=કાછડો મારી
ગઢ=કિલ્લો
સાથ=સોબતી
ભિલ્લુ=જોડિયો;સાથી
વડો=મોટો
અંતરે=છેટે
સરદારે=ઉપરી
ઘૂમીરહ્યા=આમથી તેમ ફરી રહ્યા
દાવ=લાગ
પેંતરા=ડગલાં; પગલાં
નજર ફેંકી=જોઇ
પૂરજોસથી=ઘણાજોરથી
ભૂલથાપ=ભુલાવો; ભુલવામાં નાખવું તે
શાબાશ=ધન્ય
દાવ=રમતનો વારો
સાર—શરીરની સાથે મન કેળવાય એવી રમતો રમવી

પાઠ ૧૨ મો

દઢ મનવાળો=પાકા વિચારવાળો
ગેડીદડો=દડો અને તેને ફેંકવાની લાકડી
ડગમગું=પગલું
રંગમાં આવ્યો=મજા આવી
અત્યારે=હમણાં
પછી તો ધૂળ=પછી કંઇ મજા પડવાની નથી
વચન=બોલ
થોભ=સબુર કર
ખાતરી=ભરૂસો
સુનું=વસ્તી વગરનું
મોં ફેરવી=મોં ચઢાવી
પીડા=પંચાત; દુઃખ
ડગવા=ફરવા
મન ડગવા દીધું નહિ=મરજી મુજબ ન કરતાં ઠરાવ મુજબ કર્યું

પાઠ ૧૩ મો

મધમાખી=મધ બનાવનારી માખી
કુટુંબ=વંશ; ઓલાદ
છંછેડે=હરકત કરે
ડંખીએ=ચટકો મારીએ
મીઠું=વાંસો
બાહ્ય=શરીરના આકાર
સોહામણી=શોભિતી
ભભકાદાર=રોફવાળા; બહારની શોભાવાળા
કામના=ઉપયોગના
ઉલટા=સામા
કોરીને=કાણાં પાડીને
દુભવે=મન દુઃખી કરે
નુકસાન=બગાડ
સ્વાદે=સહેજતથી
નવાઇ=અચરજ

સાર—કોઇનું ભલું કરીએ તો આપણું ભલું થાય અને કોઇનું બુરૂં કરીએ તો આપણું બુરૂં થાય.

પાઠ ૧૪ મો

મોસાળ=માનાબાપનું ઘર
આંખ ટાઢી થઇ=સંતોષ થયો
અંગેઠી=પોંકપાડવાની ધુણી; અંગીઠી
પોંક=જુવાર વગેરેના લીલા કણસલાને અંગેઠીમાં શેકી બનાવે છે તે
ઉલટભેર=ઉમંગથી; હોંસથી
હોંસભેર=હોંશથી
વાંક=ગુનો; તકસીર
સાજું=આખું
ઉતાવળ=ઝડપ
ઠેસ=ઠોકર

સાર.

૧) કોઇ પણ કામ ઉતાવળથી કરવું નહિ.
૨) જેવું આપણું સમજવું તેવુંજ સામાનું સમજવું.

પાઠ ૧૫ મો.

ઢીંગલી=નાની પુતળી
તકતો=આરસો
ઝૂટ=એકદમ ઝડપમારી લઇ લેવું તે
સરી પડ્યો=લપસી ગયો
બરડ=ઝટ ભાંગી જાય એવો
પછાડીએ=અફાળીએ
ખેંચતાણ=ખેંચાખેંચી
કાયર=હેરાન
પજવે=દુઃખ દે
કુડી બદામ=ખોટી બદામ; ઘણીજ નજીવી કિંમત
ચઢીઆતો=ભેનપણીઓ
કટ્ટા=એક બીજાની સાથે બોલવું કે રમવું નહિ તે

કવિતાના અર્થ

આપણ=આપણે
સુખચેન=મજા
શોક=દીલગીર
લાજ=આબરૂ
ઘટે=ઓછી થાય
નિંદે=ખોટું ખોટું બોલે
બળવંતા=જોરાવર
સદા=હંમેશાં
લેશ=જરાપણ
કલેશ=કંકાસ
કોય=કોઇ

પાઠ ૧૬ મો.

બાળ=બાળક
રામચંદ્રજી=અયોધ્યામાં એ નામના રાજા થઇ ગયા તે (લોકો તેમને પરમેશ્વરનો અવતાર માને છે.)
ઇચ્છા=મરજી
નાનકડા=છેક નાના
ગભરાટ=ગભરામણ
છેવટે=આખરે
ફેરવવા=બદલવા
ફાંફાં=ખોટી મહેનત
મણકાર્યું=માન્યું
ડસકાં=રડતાં રડતાં આંચકા ખાવા તે
રોણુ=રડવાનું તોફાન
ખીજવાયા=ગુસ્સે થયા
ગોદ=ખોળો
હાલરડું=હાલું
ઓઠકપટ=નજર; ઓળો કે કાંઇ બિહામણી ચીજ જોવાથી મનમાં ધાસ્કો પડયો હોય તે
ધંતરમંતર વાળો=પીંછી ફેરવી કે મંત્ર ભણી સારૂં કરનાર
જંત્ર=તાવીજ કે માદળીઆમાં ઘાલવાનો મંત્રનો કાગળ
માદળીઉં=તાવીજ
ધીરા=ધીરજવાળા
છાના=મુંગા
વળ્યું=ફાવ્યું
પ્રધાન=વજીર
દર્પણ=આરશી
દશરથ=રામચંદ્રજીના પિતા
મહારાજા=મોટા રાજા
શ્રી=સારા; શોભાયમાન
સાર—અક્કલ વાપરી યુક્તિથી કામ કરવું

પાઠ ૧૭ મો.

વગર વિચાર્યું=વિચાર વગરનું
જોડું=બૈરી ને મરદ; ધણીધણીઆણી
કચરોપુંજો=કચરો વગેરે
પરવારી=નવરી થઇ
ભક્તિ=ભજન
વિદ્યાર્થી=નિશાળીઆ
કથા=ઇશ્વર સંબંધી વાત
મળતું=પેદાશ થતી
ગુજરાન=ગુજારો
છોકરાંછૈયાં=છોકરાંછોકરી
પેટે=પોતાને
ઓછું આવતું=દીલગીરી થતી
પાપ=ખોટાં કામ
આધાર=આશરો:ભરોંસો
સારૂં=ભલું; કલ્યાણ
આંગણું=બારણા આગળની જગા
તરફડતું=તરફડીઆં મારતું
દયા=રહેમ
ઉછેરીને=મોટું કરીને
જન્મ થયો=અવતર્યો
લોહીઆળું=લોહીવાળું
ગુસ્સો=રીસ
બેડું=ગાગર ને ઘડો
કકડા=ટુકડા
ભણી=તરફ; બાજુ

ભાગીતૂટી=સમજાયનહિ તેવી
બોલી=બોલ
પસ્તાઇ=દીલગીર થઇ
મૂર્ખ=બેવકુફ, સમજણ વગરનો
પાપી=ચંડાળ; દુષ્ટ
અભાગણી=કમનશીબ
પુત્ર=છોકરો; દીકરો
જીવ=પ્રાણ
વળે=કામ આવે
જાન=જીવ

પાઠ ૧૮ મો.

સંદેશો=ખબર
ખોડંગતો=લંગડાતો
માયાળુ=હેતવાળો
દુઃખી=હેરાન
મદદ=આશરો
પાટો=લુગડાની લાંબી ચીંદરડી, પટો
હુંફાળું=ગરમ
પરાળ=ભાતનું ઘાસ
છાપું=ચાલતા વખતની ખબરનો છાપેલો કાગળ
નોકર=ચાકર
શાબાશી=ઉત્તેજન
છાપખાના વાળો=છાપખાનાનો માલિક

ભાંડુ=સગાંવહાલાં
ગોઠવણ=બંદોબસ્ત
ગાર્ડ=સંભાળ રાખનાર
સરનામું=ઠેકાણું
સ્ટેશન=આગગાડી ઉભી રહેવાનું મુકરર ઠેકાણું
છુટો=જુદો
નિમેલ=મુકરર કરેલ
ખડખડાટ=અવાજ
સિસોટી=પીસવો
ડરતો=બીતો
પંપાળી=હાથ ફેરવી
ડર=બીક
નજીક=પાસે, સોડ
ઠરાવ=કરાર,થએલી વાત
કેળવ્યો=શીખવ્યો
ઝપાટાબંધ=દોડતો,તરત
ખબરદાર=હોશિયાર, ચાલાક
આઠકલાકમાં૧૫મિનિટ બાકી=ના વાગે

સાર—૧) દુઃખી પ્રાણીપર દયા રાખવી. ૨) જનાવરોને કેળવવાથી તેઓ માણસ જેવું કામ કરી શકેછે.

પાઠ ૧૯ મો.

ઢીંચકા=સાંધા

રીતસર=નિયમસર
વારો=દાવ,વખત
તોફાની=મસ્તીખોર
ખસડી=આઘા કરી
માથું મારી=હિંમતકરી
કોણી=હાથનેવાળવાનો વચલો સાંધો
ઢીમણું=ઢીમું
છાતીવાળો=હિંમતવાન
ધરાયો=તરપત થયો
હડસેલી=ધક્કા મારી
વેગળા=આઘા, દૂર
ખસેડ્યા=દૂર કર્યા
સાથી=સોબતી
બળતડી=વળગાડી
પેટભરી=જેટલાએ તેટલા

સાર—૧) ગરીબ માણસને મદદ કરવી. ૨) ઇશ્વરે આપણને બળ આપ્યું હોય તો તે ગરીબ માણસને મદદ કરવામાં વાપરવું.

પાઠ ૨૦ મો.

ખલીફા=વારસ થનાર
પાદશાહ=મુસલમાન રાજા
રૈયત=પ્રજા
દરબાર=રાજકચેરી

દેખાવડા=રૂપાળો
સુબો=સુબેદાર; સરદાર
નીમણુક=ગોઠવણ
હુકમ=આજ્ઞા
ખાસ=જુદા; ખાનગી
શાહજાદો=પાદશાહનો દીકરો
શાહજાદી=પાદશાહની દીકરી
ચીતરામણ=ચિત્ર
તહેનાતમાં=ખીજમતમાં; હજુરમાં
છોકરવાદી=નાદાની
કારણ=સબબ; મતલબ
નામદાર=પ્રખ્યાત; નામીચો
ફરમાવશો=હુકમ કરશો
સમજુતી=સમજણ; શિખામણ
મોંએ ચઢેલો=વધારે ઓળખાણને લીધે મરજીમાં આવે તેમ બોલનાર
અરજ=વિનંતી
ફરજંદો=બચ્ચાં; છોકરાં
લાડ=વહાલ
અલ્લા=ખુદા; પરમેશ્વર
ગુનો=વાંક, તકસીર
માફ=ક્ષમા
દીલ=મન
બદલાઇ=ફેરવાઇ
દીલગીરી=નાખુશી
ઓહ્દો=હુકમત
નીમ્યો=નીમણુક કરી
કઠણ હૈયાનો=દયા વગરનો; પ્યાર વિનાનો
રદ કરવું=ફરવી નાખવું
આરબ=અરબસ્તાનનો રહેવાશી

સાર—માણસની રીતભાત ઉપરથી તેના ગુણની પરીક્ષા થાયછે.

પાઠ ૨૧ મો.

આંધળો=જેને બે આંખે દેખાય નાહ તે
લંગડો=લુલો
ઢેકાઢળીઆ=ખાડાટેકરા
ઠોક=અફળે
માળા=પક્ષીનાં ઘર
વળે છે=જાયછે
આસપાસ=આજુબાજુ
કોહલાં=ફાડી ખાનારૂં જાનવર
વાઘ=ફાડી ખાનારૂં ચટાપટાવાળું જાનવર
વરૂ=કુતરા જેવું ફાડી ખાનારૂં જાનવર
ખોંખારા=અવાજ
આડે=અવળે
દુવા=આશિષ; આશિર્વાદ
સારી લાગી=ગમી
ધોરી=મોટા; સરિયામ

સાર—એક બીજાને મદદ કરવી.

પાઠ ૨૨ મો.

પડછાયો=ઓળો
ભાગોળ=દરવાજો; દરવાજા પાસેના બજાર
ભાગ=હિસ્સો
પાર=કિનારો
નદી=મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઇ બીજી નદી કે સમુદ્રને મળે છે તે
કુદકો=છલંગ; ફલંગ
પુલ=નદી પરથી જવાનો બાંધેલો રસ્તો
થાક=વિસામો, આરામ
અદેખો=બીજાનું સારૂં જોઇ બળે એવો
લોભી=લાલચુ
તરાપ=કુદકો; છલંગ

ખોળ=શોધ: તપાસ
પડાવી=ખુંચવી;છીનવી
દાનત બગાડી=પડાવી લેવાની ઇચ્છા કરી
ગુમાવ્યું=ખોયું
તાકે=ધારે; વિચારે

સાર—બહુ લોભ કરવો નહિ.

પાઠ ૨૩ મો.

ખરીદ કર્યું=વેચાતુંલીધું
સદેહ=વહેમ; શક
હડખવા=કુતરાં, કોલ્હાં વગેરેને એક જાતનો રોગ થાય છે તે
દરકાર=પરવા
ડાવકું=ડાહ્યું
જનોઇ=ઉપવિત
અડે=અડકે
બચકું=ડાકું
જુઠું=ખોટું
ખામી=કસુર
છૂટું મૂકી દીધું=છોડી દીધું
અભડાયો=અડકાયો
ભરોસો=વિશ્વાસ

સાર—આપણી આંખે ખરૂં દેખાય છતાં બીજાપર ભરોસો રાખો ચાલતું નહિ.

પાઠ ૨૪ મો.

લખોટા=મંજો
ગોળમટોળ=બરાબરગોળ
છાનોમાનો=ચુપચુપ
બગાડ્યું=ખરાબ કર્યું; નુકસાન કર્યું
વિના=વગર
સજા=શિક્ષા
ભૂલીશ=વીસરીશ
ચોરી=છાની રીતે બીજાની વસ્તુ લઇ લેવી તે
ચોર=છાની રીતેબીજાની વસ્તુ લઇ લેનાર

સાર -૧) ચોરી કરવી નહિ.

પાઠ ૨૫ મો.

કવિતાના અર્થ.

કુહાડી=લાકડા ફાડવાનું હથિયાર
ભાયડો=મરદ
શાણો=ડાહ્યો
બહાદુર=જોરાવર
ધાવ=ઘા
ભાળે=જુએ
નીર=પાણી, જળ
તાંહી=ત્યાં
નિહાળ્યું=જોયું
માંહી=અંદર, માં
ડર્યો=બીધો
ઝૂલતાં ને સમાતાં=પાણીમાં આમ તેમ ડોલ્યાં કરતાં અને તેની અંદર સમાઇ જતાં
સુણી=સાંભળી
સાદ=અવાજ
ભલાં=દયાળુ
દેવી માતા=દેવની સ્ત્રી
વદે=બોલે
કાઢી દીધી=કાઢીઆપી
માથું હલાવી=ડોકું ધુણાવી, ના કહી
સંપત=દોલત
મહેર=મહેરબાની, દયા
જગન્નાથ=જગતનો ધણી, પરમેશ્વર

પાઠ ૨૬ મો.

ભરપુર=ભરેલો
પૈસે ટકે ખાલી=ગરીબ; પૈસા વગરનો
હાલત=દશા; સ્થિતિ
ખૂટી ગયું=ઓછું થયું

ખુબસુરત=સારા દેખા-વનો; દેખાવડો

હેત=પ્યાર

દેશાવર=પરદેશ

કપરા=અઘરા; સખત

લાચાર=નાચાર;ઇલાજ વગરનો

મલ=કિંમત

મુકામે=ઘેર

હૈયું ભરાઇ આવ્યું= રડવું આવ્યું

પંપાળતા=હાથ ફેરવતાં

બરદાસ=ચાકરી

પરવડે=છાજે; પાલવે

સાર—દરેક માણસે પોતાના પાળેલા પ્રાણીપર ઘણોજ પ્યાર રાખવો અને જરાપણ દુઃખ દેવું નહિ.

પાઠ ૨૭ મો.

ઝરો=પાણીનો વહેળો

ભરાવ=દેખાવ

આંખ=નજર

નારાજ=નાખુશ

બડબડવું=હોઠ હલાવી મનમાં બોલવું

લજવ્યું=શરમાવ્યું; એબ લગાડી

શરીર=દીલ

લલકારવું=લલકારાથી બોલવું; કીકીઆરી કરવી

ચમકી=ચોંકી

પારધી=શિકારી

કેડો=પૂઠ

વટાવી=ઓળંગી

ઝાડી=ઘણાં ઝાડનો જથો

વગોવવું=ધિક્કારવું

મોહીપડ્યું હતું=રાજી થયું હતું

ફસાવી દીધું=દુઃખમાં નાખ્યું

વખાણવી=તારીફ કરવી

છલંગ=કુદકા

સાર—કોઇ પણ ચીજને વગર વિચારે વખોડવી કે વખાણવી નહિ.

પાઠ ૨૮ મો

શિયાળ=શિયાળવાં

ઇચ્છા=મરજી

શહેર=જેમાં હોળબંધ ને હારબંધ ઘરો હોય અને સારાં સારાં બજાર હોય તે

બચકાં=[illegible]

રંગરેજ=રંગારો

જરદી=પીળી

પાસ=અસર; રંગ

આંગણે=બારણે

કોઢ=પેઢી; લુહાર જે જગાએ બેસી ઘડે છે તે જગા

ભઠ્ઠી=મોટો ચૂલો

ધગધગતા=ઘણાજ ઉના

નકલ=બીજાનું જોઇને કરવું તે

સાર—કોઇની ખોટી નકલ કરવી નહિ.

પાઠ ૨૯ મો.

વરો=જમણવાર; ન્યાત

ઘી=તાવેલું માખણ

સામાન=વસ્તુ; ચીજ

પીઅર=બૈરીનાબાપનુંઘર

મણ=ચાળીશ શેર

કેરી=આંબાનું ફળ

ટાંકણે=ટાણે; અવસરે, વખતે

મેળાપ=મુલાકાત

ચડભડી=લડી

રડ્યું ખડ્યું=જવલ્લે; ભાગ્યે

લેખવે=ગણે

મોંઘેભાવે=ઘણીકિંમતથી

ખપ=જરૂર; કામ
રંક=ગરીબ
ભારેખમ=ભારબોજ-
વાળા; માનવાળાં
માન=આબરૂ; ઇજ્જત
સાર—ભારેખમ થઇ ખુણે બેસી રહીએ, તે કરતાં બહાર પડી બધાના ઉપયોગમાં આવવું સારૂં છે એમ કરવાથી વગર માગે માન મળે છે.

પાઠ ૩૦ મો.

કુંવર=રાજાનો છોકરો
બાપકર્માં=બાપનીકમાઇ
ખાનાર
આપકર્મી=પોતાની કમાઇ ખાનર
રાજપાટ=રાજગાદી
તીર્થ=પવિત્ર જગો
ધન=દોલત
ભાભી=ભાઇની વહુ
વતન=જન્મ ભૂમિ;
બાપનું ગામ
ઓચીંતી=એકદમ;
એકાએક
તરાપ=છલંગ
ઠેકાવી=ઠેકડો મરાવી
સેના=લશ્કર
ઉપરી=અમલદાર;સરદાર
પાડોશના=પાસેના
હિંમત=હામ
લુણ=મીઠું;અનાજ;પગાર
ફતેહ=જીત
પ્રાર્થના=પરમેશ્વરના
કાલાવાલા
તડંગ ધુમ=ડંકો વાગતાં
તેમાંથી નીકળતો
અવાજ
ડંકો=લડાઇનું વાજિંત્ર;
નોબત
નિશાન=ધજા; વાવટો
દુશ્મન=શત્રુ
ફોજ=લશ્કર
તક=દાવ; વખત
સરદાર=ઉપરી
નાસભાગ=નાસા નાસ
કુંવરી=રાજાની છોકરી
બહાદુરી=હોશિયારી
વરમાળ=વરને કન્યા જે
માળા પહેરાવે છે તે
પહેરામણી=કન્યાદાન
સાર—જાતે પેદા કરી ખાવાની ઇચ્છા રાખવી.

પાઠ ૩૧ મો.

દેડકો=ચોપગું પ્રાણીતથા
જમીનપર રહેનારપ્રાણી
લીલો=તાજો
ઘાસચારો=ઘાસ વગેરે
તાજો થયો=ધરાયો
લહેર=સપાટો
તડૂકતો તડુકતો=લહેકાની ચાલ ચાલતો
ખાબોચીઉં=પાણી ભરાયલો નાનો ખાડો
ચગદાઇ=છુંદાઇ
ઠેકડો=કુદકો; છલંગ
જીવ=પ્રાણ
ચઢાઉ=કોઇ વખાણ
કરે તેમ ફુલે એવી
ફુલાવી=મોટું કરી
બેટા=દીકરા
બોલ=શબ્દ; વેણ
ગુસ્સે થઇ=રીસે ભરાઇ
મમત=જીદ્દ; હઠ
ગજા=શક્તિ
ઉપરાંત=વધારે
સાર—ગજા ઉપરાંત કામ કરે તો મરે, નહિતો માંદો થાય. માટે ગજા ઉપરાંત કામ કરવું નહિ.

પાઠ ૩૨ મો.

નઠારાં=મેલાં
ભિખારી=ભીખ માગનાર
તળાવડી=નાનું તળાવ
લપસી=ખશી,સરી
ખરડાયાં=કાદવવાળાંથયાં
હંમેશાં=દરરોજ
ચોકખાં=ધોએલાં
ધ્રુજતો=કાંપતો, થર-
થરતો
ગરમ=હુંફાળા
ખાદી=એકજાતનું જાડું
લુગડું; દોટી
વાન=લાગત
મલમલ=એક જાતનું
ઝીણું કપડું
બફારો=પરસેવો
ખપનાં=જરૂરનાં; ઉપ-
યોગનાં
સાહુકાર=સરાફ;રૂપીઆ
ધીરવાનો ધંધોકરનાર
જેમ તેમ=ગમે તેમ
મોડું=અસુર
વર્ગ=સરખું; શિખનાર
છોકરાની હાર; ક્લાસ
બેદરકાર=બેપરવા, ગરજ
વગરનો
રોગ=દરદ
કસ=કસ
બરાબર=રીતસર
જાતે=પોતે

સાર—કપડાં મેલાં પહેરવાં નહિ એટલુંજ નહિ પણ તે ગમે તેમ પણ પહેરવાં નહિ

પાઠ ૩૩ મો.

બ્રાહ્મણ=હિંદુની ઊંચી
જાત
ભાઇબંધી=દોસ્તી
ભણેલા=શિખેલા
ગણેલા=અનુભવ મે-
ળવેલા
સારો=લાયક
ધંધો રોજગાર=વેપાર
વણજ
જડતો=સુઝતો, માલમ
પડતો
દેશાવર=પરદેશ
દોરીને=હાંકીને
સ્ત્રી=બૈરી
ખાતરી=ભરોસો
પગલાં=પગના તળીઆં-
નો આકાર
ઢંકાએલાં=દબાયલાં
બાજુપર=પાસાપર
અંગુઠીઆં=પગને અં
ગુઠે પહેરવાનું રૂપાનું
ઘરેણું
જોટવાં=પગને અંગુઠે
તથા તેની જોડેની
આંગળીએ પહેરવાનું
રૂપાનું ઘરેણું
નિશાની=એંધાની
વહેળો=નાની નદી
શેલો=શીલા; પત્થર
ધોબી=લુગડાં ધોવાનો
ધંધો કરનાર
ધોબણ=ધોબીની બાયડી
રાજમારગ=મોટો રસ્તો;
ધોરી રસ્તો
ઢુંકડું=પાસે; નજીક
છેક નજીક=ઘણુંજ પાસે
વસ્યા=રહ્યા
ખંતીલા=કાળજી વાળા
પુષ્કળ=ઘણા
પૈસા=દોલત; પુંજી
મેળવ્યા=પેદા કીધા

સાર—ધ્યાન રાખી જોવાની અને તે ઉ-પર વિચાર કરવાની ટેવ રાખવી.

પાઠ ૩૪ મો.

કવિતાના અર્થ

મહિમા=મોટાઇ
જગપતિ=પરમેશ્વર; જગતનો ધણી
જગ=દુનીઆ
રચી=બનાવી
રચના=બનાવટ; ગોઠવણ
રૂડી=સારી
અપાર=ઘણીજ
પ્રાણીઓ=જીવો
સંસાર=આલોક
નવરંગી=તરેહ તરેહના રંગનાં
શોભતાં=દીપતાં
પાંખ=પક્ષીને ઉડવાનું સાધન
તરૂપાન=ઝાડનાં પાંદડાં
પા'ડ=પહાડ
કરાડ=કરાડ; ગુફા
સિંધુ=દરીઓ; સમુદ્ર
સરિતા=નદી
ઘાટ=પહાડ ઉપર ચઢવા ઉતરવાનો રસ્તો; ઓવારા
રળિઆમણી=શોભીતી
વાટ=રસ્તો
શીતળ=ટાઢો
ઠંડક=ટાઢક
સાર=સારી
સૂર્ય=સુરજ
તાપ=ગરમી: તડકો
વરસાદ=મેહ
ઝુલતાં=લટકતાં
મધુર=કાનને સારૂં લાગે એવું, મીઠું
નાદ=અવાજ, સાદ
કળા=તેજ, અજવાળું
તેજ=પ્રકાશ
દીસે=દેખાય
રંગ=શોભા
મેદાન=ખુલ્લી લાંબી પહોળી જગો
તરતાં=પાણી ઉપર રહેતાં
મહી=માં
પાન=પાંદડાં
આંખડી=આંખ
ચાવણું=ખાવાનું; ખોરાક
સાથ=સાથે
કળા=હિકમત; જુક્તિ; ડહાપણ
કળી શકાય નહિ=સમજી શકાય નહિ
સરજી=પેદા કરી
સરજનહાર=પેદા કરનાર; પરમેશ્વર

પાઠ ૩૫ મો.

કવિતાના અર્થ

વિશાળ=મોટાં ડાળાં પાંખડાં ખૂબ ફેલાએલાં હોય એવો
છજેલ=છવાઇ રહેલી; ઢંકાઇ રહેલી
તંબુ=કપડાનું ઘર
તાણેલ=ખેંચેલ
તાડ=સૌથી ઉંચું ઝાડ
કેળ=કેળાંનું ઝાડ
વાવટા=તોરણ
પલ્લવ=પાંદડાં
વનસ્પતિ=ઝાડ, છોડ, વેલા વગેરે
ધરી=પહેરી
સ્હોય=શોભે
કોયલ=કાળા રંગનું મધુર રાગનું પક્ષી
કલ્લોલ=મજા; ખુશાલી
તીતર=તીખા રાગનું પક્ષી
વિશેષ=વધારે
બેશ=સરસ; સારી રીતે

કેસુડો ખાખરાનાં ફુલ
નો રંગ
બોળીને=પાણી જેવો
કરી હલાવીને
ઉડે=ફરફર થાય
ફુવારા=કારંજ; પાણી
ઉંચું ઉડાડવા માટે
બનાવેલો ઘાટ
ગુંજાર=ગુંગું
નવરંગ=તરેહ તરેહના
રંગ
અપાર=ઘણાજ
મોર=આંબાનાં ફુલ
કોર=બાજુ
ખીલી=ફેલાઇ
ચાંદની=ચંદ્રનું અજવાળું
નીર=પાણી

પાઠ ૩૬ મો

ટેકરા=નાના ડુંગરા
હાર=ઓળ
કસરતશાળા=કસરત
કરવાનું ઠેકાણું
સામસામી=એકબીજાથી
ઉલટી
ઓળો=પડછાયો
પીઠ=વાંસો
પશ્ચિમ=આથમણી; સુરજ જે દિશામાં આથમે છે તે
ઉત્તરદિશા=પૂર્વ દિશા તરફ મોં કરીને ઉભા રહેતાં જેણી તરફ ડાબો હાથ આવે તે ઉત્તર દિશા ને જમણો હાથ આવે તે દક્ષિણ દિશા. ઉત્તર દિશામાં આકાશમાં જે તારો કોઇપણ રાત્રે ન ફરતાં એકની એકજ જગાએ ઝીણો ઉગતો દેખાય છે તે તારાને ધ્રુવનો તારો કહે છે

સવાલ—પૂર્વ અને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી? પડછાયો સુરજથી કઈ દિશામાં હોય? લાંબામાં લાંબો અને ટુંકામાં ટુંકો પડછાયો ક્યારે હોય? ઉત્તર અને દક્ષિણ દિશા શી રીતે જાણવી? દહાડે દિશાઓ શા શા ઉપરથી જાણી શકાય? રાતે દિશા શા ઉપરથી જાણી શકાય? સામસામી દિશાઓ ગણાવો.

પાઠ ૩૭ મો.

બેસતુંવરસ=કારતકસુદ૧
દાંડી=પંખાની હાથમાં
પકડવાની લાકડી
માપ=ભરત
સ્લેટ=પત્થર પાટી
સમજાવ=સમજણપાડ
મથાળે=ટોચે
ફુટ=બાર ઇંચ; અડધો
ગજ
લંબાણ=લાંબાપણું
પહોળાઇ=પહોળાપણું
ઇંચ=તસુ; સવાકા જેટલો જગા
ભુંસી=છેકી
મધ્યમાં=વચમાં
પગથીઉં=નાની ઓશરી
થોર=થુવેરીઆ
કરા=ભીંત
લંબચોરસ=લાંબો ચોરસ આકાર
ગેલેરી=લાકડાંની જડેલી
ગઢતી ઉતરતી બેઠક

સવાલ—નકશામાં ઉત્તર દિશા ક્યાં હોય

છે ? ઉત્તરની સામેની કઇ દિશા ? નકશામાં પૂર્વ પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી ? નિશાળનો નકશો શી રીતે કાઢવો ?

પાઠ ૩૮ મો.

મોટો=ધોરી; સરિયામ
આગગાડી=વરાળથી ચાલતી ગાડી
નિશાન=એંધાણુ
દોરાવી=કઢાવી
અડીને=અડકીને
ઓળંગી જાયછે=વચેનો ભાગ વટાવી જાયછે
સમજ=સમજણુ
ખેતર=અનાજ, ઘાસપાકે છે તે જગા
ગોચર=ગાયોને ચરવાની જગા

સવાલ—રસ્તો બતાવવાને બેવડી લીટી શા માટે દોરવી ? નદી કુણી તરફ વહે ?

પાઠ ૩૯ મો.

વગડામાં=ઉજ્જડજગામાં
પોપડો=ઢોરને ચરવાની જગા; ચરો; બીડ
આંબાવાડી=આંબાની વાડી: ફરદોસ
નિચાણુમાં=ઉતરતીજગામાં
ઉતરી=ઓળંગી
ઢાળ=ઢોળાવ
દહેરૂં=દેવળ
કાંઠો=કિનારો
ભાઠું=કાંઠાપરની ખેડવા લાયક જગા
વહેણુ=પ્રવાહ; રેલો
ચાલાક=ચંચળ
પાર=કાંઠો; કિનારો
પાળ=કારણુ
ડાંગર=ભાત
ક્યારડા=ભાત પકવવાના ખાડા
મસ=ઘણું
ઇશાન=ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો
નજરે પડયા=દેખાયા
સુગમ=સહેલું

સવાલ—પવન કઇ દિશા તરફ વાતો હતો તે શા ઉપરથી કહ્યું ? ટાઢો પવન લાગવાનું કારણુ શું ? તળાવ કોને કહેવું ? નદીને કેટલા કાઠા હોય અને તે કયા કયા ? જમણો અને ડાબો કાઠો શી રીતે જાણી શકાય ? નદી શા શા કામમાં આવે ? ખુણા કેટલા છે અને તે કયા કયા ? કઇ કઇ દિશાઓની વચ્ચે ખુણા હોય નહિ?

પાઠ ૪૦ મો

વાળુ=રાતનું જમવાનું
મોસાળ=મામાનું ઘર
ગઠ્યું=ગોઠયું; ઠીકપડયું
ચોરો=સરકારી ઉતારાનું મકાન
મુખી=ગામનો ઉપરી; ગામનો બંદોબસ્ત રાખનાર; પટેલ
ગંધ=ખરાબ વાસ
બંદોબસ્ત=ગોઠવણ
હવાલદાર=પટેલના તાબાનો૪,૫ રૂપીઆના પગારનો સિપાઇ
ઢેડ=ઢેડો
મામલતદાર=તાલુકાનો ઉપરી અમલદાર; પટેલ તલાટીનો ઉપરી

ભરણું=પટેલ તલાટીએ ખેડુતપાસેથી સરકારી માગતા રૂપીઆ લઇ એકઠા કર્યા હોય તે
તલાટી=ગામની વસુલાત ઉઘરાવનાર
વરતણીઓ=પટેલ તલાટીના તાબામાં દરેક ગામે ઢેડ કે દુબળા જેવા હલકા ૪, ૫ નોકરો હોય છે તે; વરતણીઓ
તાલુકો=ઘણાં ગામ મળીને થએલો તે
તાલુકે=મુખ્ય કચેરીએ
હુંડી=રૂપીઆ મળવાનો કાગળ; મનીઑર્ડર
માસ્તર સાહેબ=પોષ્ટ માસ્તર
ટપાલી=કાગળવહેંચનાર
ગેરહાજર=ઘેર રહેલો; હાજર નહિ તે
માંદો=સીક; બિમાર
દાક્તર=અંગ્રેજી દવા જાણનાર વૈદ

સવાલ—ચોરો એટલે શું? મુખી, તલાટી ટપાલી, પોષ્ટ માસ્તર એ દરેકનાં કામ સમજાવો.

પાઠ ૪૧ મો.

સોનેરી=સોનાના રંગ જેવો; પીળો
પથરાઇ=ફેલાઇ
અંગારા=સળગતાકે ાયલા
ચળકતો=ઝળકતો
દાતણપાણી=દાંત સાફ કરવા તથા મોઢું ધોવું તે
ધંધો=રોજગાર; વેપાર
વળગે=લાગે; લાગે
ખેડૂત=ખેતીનું કામ કરનાર
હળ=જમીન ખેડવાનું ઓજાર
દુકાનદાર=વેપારી; દુકાનવાળો
ઝાડીને=ઝપટીને
શોધવા=ખોળવા
ખોરાક=ખાવાની ચીજ
તાજી=તરતની
ઠંડા=શીતળ
લહેર=સપાટા
જન=માણસ
નમતો=આથમતો
ઘોંઘાટ=અવાજ
નરમ=કમી

સવાલ—સુરજ ઉગતા પહેલાં પૂર્વ દિશામાં વાદળ અને વાદળાંની કોરો કેવી જણાય છે? અજવાળું શેમાંથી આવે છે? સવાર થઈ શાથી જણાય? સવારમાં માણસ, પશુ, પક્ષી શું શું કરે છે? છોકરાએ પાઠ ક્યારે કરવા જોઇએ? બપોર ક્યારે થાય? સાંજ પડી ક્યારે કહેવાય? સુરજ ઉગતા પહેલાં અને આથમ્યા પછી થોડું અજવાળું રહે છે તેને શું કહે છે? (જ. ઝાંઝળીઉં) સાંજના દેખાવનું વર્ણન કરો.

પાઠ ૪૨ મો.

વાતો=ફુંકાતો
જોરથી=વેગથી; ઝડપથી
ઠરી જાય છે=ઠંડા પડી જાય છે.
ટિકીટ=આગગાડીમાં બેસવાની ચિઠ્ઠી

મુંગળાઈ=મુંઝાઈ; અકળાઈ

ઝપાટો=સપાટો

તોફાન=પવનનું બહુ જોરથી વાવું તે

ઉથલો=[illegible]

મૂળમાંથી=જડમાંથી

ભરવાડ=ઘેટ; બકરાં ચરાવનાર

છેટેના=દૂરના; આઘેના

ચસડી=ખેંચી

ધાન્ય=અનાજ

વહાણો=મોટી હોડીઓ

ફેલાય છે=પથરાય છે

અકળામણ=ગભરામણ

ખપનો=કામનો

વાદળાં=વરાળના જથા

સવાલ—હવા ક્યાં ક્યાં હોય છે? બધેજ હવા છે એ સાબિત કરી બતાવો. હવાની જરૂર કોને કોને છે? હવા ન હોય તો શું થાય? પવન એટલે શું? હવા ને પવનમાં શો ફેર છે? પવનનું તોફાન ક્યારે થાય? પવનથી શા શા ગેરફાયદા તથા ફાયદા થાય છે તે ગણાવો.

સાર—આપણે હવા વગર જીવી શકીએ નહિ માટે દયાળુ પરમેશ્વરે તેને બધે ઠેકાણે ભરી રાખી છે.

પાઠ ૨૩ મો.

ચાક=સફેદ [illegible]

ઓ[illegible]=[illegible]

કટકા=[illegible]

દુ[illegible]=[illegible]

[illegible]=ભુકો

[illegible]=નાખી

[illegible]=[illegible]

પા[illegible]=[illegible]

કણ=રજકણ

છુટા=[illegible]

ચે[illegible]=[illegible]

અક્ષરો=[illegible]; દસ્કતો

સેકા[illegible]=[illegible] થાઉં છું

પાગળતો=રેસ થતો

નિ[illegible]=[illegible] વગરનો

કઠણ=[illegible]

ગગડે=[illegible]

ઓંફા=[illegible] વગરનો

કોલ=કેલ; છો ચુનાનો લોંદો

કહાણી=કહેતી; કહેવત

જન્મ=ઉત્પત્તિ; પેદાશ

દરીઓ=સાગર; સમુદ્ર

તળીઉં=નીચેનો ભાગ

જંતુ=ઝીણાંજીવડાં

વેહ=છિદ્રો; કાણાં

થર=પડ

ચાંચવા=જમીન ખોદવાનું ઓજાર; તીકમ

હકીકત=વાત

સવાલ—ચાકનો સહેલાઈથી ભુકો કેમ થઈ શકે છે? ચાક પોચો છે તેથી શા શા ઉપયોગમાં આવે છે? ચાકને ભઠ્ઠીમાં નાખે તો શું બને? ચુનો શું કામમાં આવે? ચાક પાણીમાં ઓગળે કે નહિ? પાણીમાં ઓગળે એવા પદાર્થનાં નામ દો. જે પદાર્થ પાણીમાં ઓગળી જાય તે કેવા પદાર્થ કહેવાય? જ. દ્રાવ્ય. ન ઓગળે તે કેવા કહેવાય?

જ. અદ્રાવ્ય. ચાકમાં કયો ગુણ છે કે જેથી તે પાણી ચૂસે છે? જ. છિદ્રાળુ. બીજા કયા કયા પદાર્થો પાણી ચૂસે છે? છિદ્રાળુ પદાર્થના નામ દો. ચાક દેવતાથી પીગળી જાય છે કે નહિ? દેવતામાં ન પીગળે એવા પદાર્થનાં નામ દો. ઓગળવું અને પીગળવું એમાં ફેર શું? ચાકને ભોંયપર પછાડીએ તો શું થાય? ચાકમાં કયો ગુણ છે કે જેથી તેને પછાડવાથી ભાંગી જાય? જ. બરડ. બરડ ગુણવાળી ચીજોનાં નામ દો. ચાક શીરીતે બને છે? જે પદાર્થો જમીનમાંથી નીકળે તે કેવા પદાર્થો કહેવાય? જ. ખનીજ. ખનીજ પદાર્થનાં નામ દો. ચાકનો ઉપયોગ કહો.

પાઠ ૪૪ મો.

પિત્તળ=એક ભાગ જસત અને બે ભાગ તાંબાની મેળવણીથી જે પીળા રંગની ધાતુ બને છે તે

કંસારા=તાંબા પિત્તળનાં વાસણ બનાવનાર તથા વેચનાર

ટીપે છે=ઘડે છે

પતરાં=ધાતુને ટીપીને અથવા રસ કરીને લાંબા ચોડા બનાવે છે તે

ગાળીને=રસ કરીને

કાતર=કાપવાનું ઓજાર

ચંબુ=કળશિયો

નાળચાં=નળી

કથરોટ=મોટી થાળી

બેડાં=ગાગર ને ઘડા

બાઝેલાં=વળગેલાં

ખાટી=ખટાશવાળી

ઝેરી=ઝેરવાળો

પુષ્કળ=ઘણું જ

જડે છે=મળે છે

સિક્કા=ચલણી નાણું

ટંકશાળ=સિક્કા પાડવાની જગા

સવાલ—તાંબા પિત્તળનાં વાસણ બનાવનાર તથા વેચનારને શું કહે છે? કુંભાર, લુહાર, સોનાર એના [illegible] ક્યાંથી નીકળે છે? એ કેવો પદાર્થ કહેવાય? તાંબાના ગુણ કહો. તાંબાના કયા કયા વાસણો બને છે? તમારાં ઘરમાં તાંબાનાં જે જે વાસણ હોય તે ગણાવો, તાંબાનાં કાટને શું કહે છે? તેનો રંગ કેવો હોય છે? તે ખાધામાં આવે તો શું થાય? તાંબા પર કાટ શી શી રીતે ચઢે છે? તાંબાના વાસણ પર કાટ ન ચઢે માટે શું કરે છે? કલાઇનો રંગ કેવો હોય છે? તાંબાના કયા કયા સિક્કા બને છે? ટંકશાળ એટલે શું? તાંબાનો ઉપયોગ કઇ કઇ ધાતુ બનાવવામાં થાય છે?

પાઠ ૪૫ મો.

ખાણ=જમીનમાં ધાતુ વગેરે કાઢવા માટે [illegible]

ઇનામ=ખૂશ થઈ આપવું તે
મેળવણી=ભેગ
તપાવેછે=ગરમ કરે છે
ઓગળીને=રસ થઇને
ભજગરાં=અડવાં; નર માદાના ચાપડાં; જેના વડે બારણું ઉઘડે દેવાય તે
નુડાં=જાડી ગોળ કડી
ઝાંખા=ફીકા
લોટા=કળશીઆ
ઢાંકણાં=ઢાંકણાં
પવાલી=ઝાંખું પીપ
શિરોઇ=સાંકડા મોંઢાનું વાસણ; ચંબુ
ચઢાવી=દેવડાવી
કાટ=કીટ
કટાય=કાટ ચડે
કલાઈ=ઝાંખા સફેદ રંગની ધાતુ (કરેલાં
માંજેલાં=ઘસીને સાફ
સસ્તું=સોંઘું

સવાલ—ધાતુમાં કયા કયા ગુણ હોય છે? જ, પહેલાંના અથનો ૩૫ મો પાઠ જુઓ. ધાતુઓ કયાંથી નીકળે છે? ધાતુઓ કેવા પદાર્થ કહેવાય? પિત્તળ શી રીતે બનાવેછે? પિત્તળનો રંગ કેવો હોયછે? જસતનો રંગ કેવો હોય છે? તાંબુ ને પિત્તળ એમાં કઠણ કોણ? શા માટે પિત્તળ વધારે કઠણ? પિત્તળનું શું શું બને છે? તમારા ઘરમાં પિત્તળનાં વાસણ હોય તેનાં નામ દો. પિત્તળ પર કાટ ચડે છે કે નહિ? પિત્તળનાં વાસણને કલઇ કરાવવાનું કારણ શું? તાંબુ અને પિત્તળ એમાં જલદી કોણ કટાય? ઝાંખું કયું વહેલું પડે? તાંબા અને પિત્તળ એમાં સસ્તું કયું? પિત્તળ સસ્તું શા માટે? તાંબા અને પિત્તળનો શેરનો ભાવ શું હશે?

પાઠ ૪૬ મો.

ઘાસનું બજાર=ઘાસની પીડ
જાત=તરેહ
ચરો=ખેપાણ; ઘાસ ઉગવાની જગા; બીડ
કુંમળું=નરમ
છાપામાં=ઢંકાવામાં
વણીને=વળ દઇને
મૂળીઆં=મૂળ
ધાર=અણી
દાભ=દરભ
ઝાંઝવો=એક જાત ઘાસ
ચરાઉ=ચરનારા
ગંજી=ઘાસના ઢગલા
ગડી=ગાંઠ
સુગંધ=સારી વાસ
મોથ=સુગંધીદાર ઘાસ
ખુજળી=ખજવાળ આવી ફોલ્લા થાય તે
ધુપેલ=માથામાં ઘાલવાનું તેલ
અત્તર=સુગંધીદાર વસ્તુનો કસ
દરો=એક જાતનું ઘાસ; ધરો
જડ=મૂળ
ફરી ફરીને=વારે વારે
ઉપસાણે=ઉપરના ભાગમાં
વાટ=રસ્તો
ચમરી=છોડ ઉપરની પાંખડી
સુંવાળી=લીસી
વાસ=સોડમ
સુપડાં=ઝાડકવાને માટે

વાંસ ની ચીપ કે વાં-
સનું બનાવેલું ઓજાર
ટોપલી=નાનો ટોપલો;
સુંડલી
સાદડી=ચટાઇ
પડા=ઝુડી
કૂટીને=છુંદીને
મૂંજ=સરકટની પાંદડીને
પલાળી કુટેલી તે
ખાટલા=ઢોલીઆ

સવાલ-જે ખેતરમાં દાભ ઉગે તે ખેતર શા કારણથી નકામું થઇ જાય છે? દાભના મૂળીઆં કેવાં હોય? એની પાંદડીની કોર કેવી હોય છે? કુમળું દાભ શું કામમાં આવે છે? પાકટ થયા પછી શું કામમાં આવે છે? દાભ શું કામમાં આવે છે? ઝીંઝવો શું કામમાં આવે છે? તે ક્યાં ઉગે છે? એના મૂળીઆં પર શું થાય છે? એની ગડીને શું કહે છે? મોથ શા શા કામમાં આવે છે? ઝીણી ઝીણી સોય જેવી પાંદડીવાળું જાળ જેવું કયું ઘાસ થાય છે? દરો કાઢી નાખવા છતાં ફરીથી કેમ ઉગી નીકળે છે? સરકટ ક્યાં થાય? સરકટ જનાવરના ખાધામાં આવે છે કે નહિ? નહિ આવવાનું કારણ શું? સરકટની સળીઓ સુકાયા પછી શા શા કામમાં આવે છે? એની પાંદડીને કૂટીને પલાળે છે તેને શું કહે છે? મૂંજ શું કામમાં આવે છે? કયા કયા ઘાસ ખાટલા ભરવાના કામમાં આવે છે?

પાઠ ૪૭ મો.

વાવવા=રોપવા
સાંઠા=સોટા
પરાળ=ભાતનું ઘાસ
સાંઠું=ગડી (બગરની
સળંગ=આખી; સાંધા
પેર=પેરીતે
ગુચ્છો-ગુંચળું; જથો
નજરેરહેશે=ધ્યાનમાં આવા
બી=બીયાં
ખાતર=ઘાસ, છાણું
વગેરે કોહી ગએલો
કચરો
પૂરી=નાખીને
ભીલ=જંગલમાં રહેનાર
જાત
નાગલી=બાવટો
સામો=એક જાતના
ઘાસનું બી
થેક=ચીઢા કે ડુંગળાના
મૂળની ગાંઠો
ઢેબરાં=મીઠું મરચું
નાખી જુવારબાજ-
રીના કરેલા રોટલા
ખસલી=એક જાતનું
ઘાસ
કડબ=જુવારનો સુકો
સાંઠો
રાતડીઓ=રાતી જુવાર
બીડ=ઘાસ ઉગવાની
જમીન; ચરો.

સવાલ-બાજરી જુવાર અને ડાંગરના છોડનો ઘાસની સાથે મુકાબલો કરો. આપણું અનાજ આપણે કીએ તે શું છે? ઘાસનું નાનું અને આ

જનું મોટું હોવાનું કારણ શું ? મહીકાંઠો ક્યાં આવ્યો ? મહીકાંઠાના ભીલ લોકો કયું કયું અનાજ ખાય છે ?

પાઠ ૪૮ મો.

ખેડુત=ખેતી કરનાર
સખત=બહુ; કપરી
મજુરી=મહેનત
હળ=જમીન ખેડવાનું ઓજાર
વળગું છું=લાગું છું, શરૂ કરૂં છું
માંડી=શરૂ કરી
એક સામટું=સાથે લાગુ
ભાથું=ખાવાનું
ભાણુ=સુરજ
દાણો=ગુવાર, અડદવગેરે
કોઢ=ઢોર બાંધવાની જગો
નીરૂં છું=નાખું છું
છાશ=દહીંમાં પાણી નાખી વલોવી બનાવેછે તે
કૌવત=જોર
ઊંઘ=નિદ્રા
ચવડું=હળના નીચેના ભાગમાં કોશની સાથે આવીતળું લાકડું હોય છે તે
આળસુ=સુસ્ત
સેડ=હળમાંની વચમાંનો લાંબો સોટો; અહાલ
ચાસ=ખેતરમાં હળે કરી પાડેલા આડા ઉભા લિસોટા
હળપુણી=હળમાં લોઢાનો કોશ હોય છે તે
ધુસરી=બળદની ખાંધે રહે છે તે લાકડું; ધોસરી
છડો=હળને છેડે પકડવાને ખીલી જેવું હોય છે તે, હલેડી.

કવિતાના અર્થ.

તાત=બાપ
નીપજાવે=પકવે
અન્ન=અનાજ
ધરે=પહેરે
વસ્ત્ર=લુગડાં
ભાવે=હોંસથી
સહે=ખમે; વેઠે
લઠ=જબરો; મજબુત
ઉત્તમ=સારી
પર=પારકો
ઉપકારી=આભારી
દાગો=આગે
... શિખામણ
...

જગતનો તાત ગણાય એટલે જેવી રીતે બાપ છોકરાંઓનું પોષણ કરે છે તેવીજ રીતે ખેડુત ધાન્ય ઉપજાવી આખા જગતનું પોષણ કરે છે માટે ખેતીને ઉત્તમ કહેવાનું કારણ એકે એ ધંધો સ્વતંત્ર છે, અને અનાજ જેવી જીવવાને જરૂરની ઘણી કામની વસ્તુ તે નીપજાવે છે માટે.

સાર—હળના મુખ્ય બે ભાગ છે. હળના પાછલા ભાગને તુંગું અને આગલા ભાગને સેડ કહે છે. સેડની લંબાઇ ૧૦ ફુટ અને તુંગાની લંબાઇ ૪ ફુટ હોય છે. તુંગું વચમાંથી જાડું નીચેથી અણીદાર અને ઉપરથી પાતળું હોય છે. જાડા ભાગમાં સેડનો છેડો ઘાલે છે તુંગામાં હળપુણી, ચવડું અને ... હોય છે. હળપુણી ... હોય છે, ... નીચે ...

કાની ઉપર રહે છે. ચવડું પણ અણીદાર ને ત્રણ પાસાવાળું હોય છે. સેકને બીજે છેડે ખીલો હોય છે તેને સગન (સંબંધીઓ) કહે છે, ત્યાં ધુસરૂં બાંધે છે. ધુસરૂં બળદની ખાંધપર મૂકે છે; ધુસરૂં બળદની ખાંધેથી ખસી ન જાય માટે સધુરાને બંને છેડે લાકડાની સમોલ હોય છે તે બળદની ડોકે જોતરથી બાંધે છે. હળપુણી છેડેથી અણીદાર હોય છે, તેનાથી જમીન ખોદાય છે હળપુણી જલદી ઘસાઇ કે ભાંગી ન જાય માટે લોઢાની કરે છે. તુંગાના ઉપરના ભાગમાં મુઠોમાં આવે એવો લાકડાનો ગોળ કકડો બેસાડેલો હોય છે તેને છેડા કહે છે. હળ હાકતી વખતે ખેડુત છેડાપર ભાર દેછે તેથી હળપુણી ભોંયમાં ઉતરે છે; એથી જમીનં ખેડાઇને પોચી થાય છે ને ચાસ પડે છે.

સવાલ—હળનું ડ્રૉઈંગ પાડી તેના દરેક ભાગપર નામ લખો. હળના દરેક ભાગનો ઉપયોગ સમજાવો.

પાઠ ૪૯ મો.

ડાંગર=ભાત
પાળ=કારણ
લીલાછમ=ઘણાજ લીલા
ઝપાટો=સપાટો
ધરૂ=કુમળા છોડ
છુટું છુટું=નોખું નોખું
ઝીલવો=ખમવો
ખળી=કણસલામાંથી અનાજ જુદું પાડવાનું ઠેકાણું
ભરડીને=ભચરડીને
છોડાં=ફોતરાં; છોતરાં

સવાલ—ડાંગર શી રીતે વાવે છે? ધરૂ એટલે શું ? ડાંગર ક્યારડામાં શા માટે રોપે છે ? ડાંગરના છોડ પાકે ત્યારે કેવા રંગના થાય છે ? ડાંગર પાકયા પછી શું શું કરે ત્યારે ચોખા થાય

પાઠ ૫૦ મો.

કોલું=શેરડીનો રસ કાઢવાનો સંચો
પડછા=પાતરાં; ચમરી ટોચપરનાં પાંદડા
રસ=કસ
સંબંધી=વિષે; બાબત
પેર=ગંડેરી
વેંત=બીલ્લસ
આંખ=કળી
પીત=પાણીથી થતું જે કરસણ, શાક વગેરે.
તરકારી=શા
માસ=મહીના
ડુકકર=ભુંડ
શીઆળવાં=શિઆળ
નુકસાન=ખરાબી
સંભાળ=તપાસ
પાકટ=પાકી
પીલેછે=કચડેછે
તાવડો=મોટો પેણો
ઉકાળેછે=ગરમ કરે છે
છારી=પડ
ઘટ=જાડો
ટાઢો=ઠંડો

સવાલ—શેરડી શી રીતે રોપે છે ? ખેડુત શાની ખાંડ બનાવે

કોલુ એટલે શું ? કોલુ શેનું બનાવે છે ? શેરડીમાંથી રસ શી રીતે કાઢે છે? રસનો ગોળ શી રીતે બનાવે છે ?

પાઠ ૫૧ મો.

રસોઈ=રાંધવાનું કામ
ચડતા હતા=પાકતા હતા
તકરાર=વઢવાડ, ટંટો
વઢવા=લડવા
ધીમા=શાંત
ઉજળો=સફેદ
બોળે=દબાવે
પચી જાઉંછું=પાચન થાઉંછું
ભાવ=હોંસ
સારાં=સાજા
લોટ=આટો
કણક=લોટમાં પાણી નાખી લોંદા જેવું કરે છે તે
જોર=શકિત
નકામા=ફોકટ
શિયાળે=ઠંડીના ૠતુમાં[?]
ઉપયોગી=જરૂરનાં
પૈસાદાર=તાલેવાન પૈસા વાળા
જુવાર=જાર

સવાલ—માંદા અને દાંત વગરના માણસને કયો ખોરાક વધારે ઉપયોગી ? તેનું કારણ શું ? ભાત શી રીતે બનાવે છે ? રોટલી શેની બનાવે છે ? ઘઉંની રોટલી શી રીતે બનાવે છે ? ગરીબ માણસો ઘઉં કેમ ખાતા નથી ?

પાઠ પર મો.

મધપુડો=મધમાખીએ બનાવેલો પુડો
લટકતો=ટીંગાતો
વાઘરી=શિકારી
કામળો=ઊનનું લુગડું
ઓઢીને=લપેટીને
ધુણી=ધુમાડો;
બગાડયું=નુકસાન કર્યું
ઘરબારવગરનાં=રખડતાં
પારકો=પરાયો;બીજાનો
ચીજ=વસ્તુ
ઈચ્છા=મરજી
નર=પુરૂષ
છ ખુણાવાળાં-છ ખુણાના આકારના
હુકમ=આજ્ઞા
પાળેછે=બજાવેછે
જન્મ=જીંદગાની
રક્ષણ=બચાવ
ડંખ=ચટકો
પેસવા=દાખલ થવા
દયા=રહેમ

કવિતાના અર્થ

હુનર=કસબ;કારીગરી
નિશાળ=ઠેકાણું
મનહર=મનને હરી લે એવો; મોહક; મોહ પમાડનાર
રચે=બનાવે
તત્કાળ=તરત
ચૂશી=શોષી
સરે=થાય
ગુણ=ફાયદો; લાભ
દીસે=દેખાય
તમામ=બધું
તજે=છોડી દે
ઉદ્યોગી=મહેનતુ
પંકાય=વખણાય

સવાલ— મધપુડો, કોણ બાંધે છે અને તે કયાં કયાં બાંધે છે ? મધ કયાંથી લાવે છે ? મીણ શેમાંથી બનાવે છે ? મધપુડામાં કેટલી

જાતની માખીઓ હોય છે અને કઇ કઇ? રાણીનું કામ શું છે? મધપુડાનાં ખાનાં કેટલા ખુણાવાળાં હોય છે? ખાનાં કેટલી જાતનાં હોય છે? ઇંડાં ક્યા ખાનાંમાં મૂકે છે અને તે કોણ મૂકે છે? મોટાં ખાનામાં ક્યાં ઇંડાં મૂકવામાં આવે છે? રાણી અને કામ કરનારી માખીમાં શો ફેર હોય છે? કામ કરનારી માખીઓ શું શું કામ કરે છે? નર અને માખીમાં શો ફેર હોય છે? નરને મારી નાખવાનું કારણ શું? મધ અને મીણનો ઉપયોગ કહો. મધમાખી પરથી આપણે શું શિખામણ લેવી?

પાઠ ૫૩ મો.

શેખ=મુસલમાનની એક જાત

બતક=પાણીવાળી જગ્યામાં રહેનારૂં પક્ષી

પીછાં=પીંછ

ચીકટ=ચિકાશ

ભિંજાતું=પલળતું

નબળી=કમજોર

જોડાએલા=સંધાએલાં

દાટ=એવડા દાંત

અણીદાર=તીણી; અણીવાળી

ઝડપથી=જલદીથી

ઉપાડી=ઉંચકી

ગળી જાય છે=ઉતારી દે છે

જાળવે=સાચવે; સંભાળે

ખડખડે=અવાજ થાય

ઢાંકી=છુપાવી

બીકણ=બીએ એવો

ધસીને દોડે છે=હુમલો કરે છે

માંજર=કલગી

ખોતરવાની=ખોદવાની

વહાણું વાય=સવારથાય

વળગું છું=લાગું છું

સવાલ—બતક કેવી જગામા રહે છે? બતકનું શરીર કેમ ભિંજાતું નથી? બતક શું ખાય છે? બતકની ચાંચ કેવી હોય છે? બતકને પાંખ છે ત્યારે કેમ ઉડી શકતી નથી? બતકને કેટલા પગ હોય છે? દરેક પગે કેટલાં આંગળાં હોય અને ક્યાં હોય છે? આપણે પાણીપર ચાલી શકતા નથી અને બતક શા માટે ચાલી શકે છે? બતક ખોરાકના કકડા કેમ કરી શકતી નથી? મરઘા અને બતકની ચાંચમાં ફેર શું? મરઘા પાણી પર કેમ ચાલી શકતા નથી? મરઘી છે કે મરઘો તે શી રીતે ઓળખી શકાય? મરઘાં શા માટે પાળતા હશે? મરઘાં કોણ પાળે છે? મરઘો ક્યારે ક્યારે બોલે છે? ને શું બોલે છે?

સાર—મરઘો બોલે છે તે પરથી સવાર ને બપોર સમજાય છે.

પાઠ ૫૪ મો.

બીતી=ડરતી

ભિડભિડ=ભિડાભિડ

કાબરી=કાબરચીતરી

રૂ=કપાસમાંથી કપાસીઆ કાઢી લીધા પછી જે રહે છે તે
તણુખલાં=તરણાં
માળો=પક્ષીનું ઘર
ખુણેખાચરે=ખુણામાં
દરેક ફેરે=દરેક વખતે
ભુરાં=આસમાની
ટપકાં=છાંટ
લગી=સુધી
રઝળીને=રખડીને
ફાયદો=ગુણ
વીણી વીણીને=શોધી શોધીને
બી=બીક; ડર
લાગ=દાવ

સવાલ—ચકલીના શરીરના ભાગ ગણાવો. ચકલીની ચાંચ કેવી હોય છે? ચકલી કેવા રંગની હોય છે? ચકલીને એક એકપગે કેટલાં આંગળાં હોય અને તે કેવી રીતે હોય છે? ચકલી કયાં રહે છે? માળા શેના બનાવે છે? ચકલી વરસમાં કેટલીવાર ઇંડાં મૂકે છે? દરેક ફેરે કેટલાં મૂકે છે? ઇંડાંનો રંગ કેવો હોય છે? ચકલી બચ્ચાંને કયાં સુધી ખવડાવે છે? ચકલી શું શું ખાય છે? ચકલી ખેડુતને શો ફાયદો કરે છે અને તે કેવી રીતે? ચકલીને કોની કોની બીક હોય છે? ચકલીને ચકલો ઓળખવાની નિશાની શું?

પાઠ ૫૫ મો.

દેખાવ=શોભા
ગરદન=ડોચી
કેશવાળી=ઘોડાની ગરદનપરના વાળ
જાંઘ=સાથળ
નક્કર=સંગીન
સપાટ=સરખી
લગામ=દોર
તીણા=ધારવાળા
ચપટા=બેઠેલા
ભુસું=થુલું
ચણા, મગ } એક જાતનું કઠોળ
દાણા=અનાજ
મજલ=મુસાફરી; અંતર, કાપે છે=કરે છે
પાણીદાર=જોરવાળા; તેજદાર; ઝડપથી દોડનાર
નાળ=લોઢાના ગોળ પાટા
અરબી=અરબસ્તાની
નીમકહલાલ=ખાય તેનું ભલું કરનાર; ધણીનું ભલું ચાહનાર
ધણી=માલીક
પ્રીતિ=હેત; પ્યાર
શરત=હોડ; હારજીત
ટટ્ટી=કામડાની વાડ
કુદાવે=ફલંગ મરાવે
પીઠ=વાંસો
જીન=ચામડાનું પલાણ
સવારી કરે છે=બેસી મુસાફરી કરે છે

સવાલ—ઘોડાની ગરદન પરના વાળને શું કહે છે? કેશવાળી કોને કોને હોય છે? ઘોડા સપાટ જમીન પર સપાટાબંધ દોડી શકવાનું કારણ શું? એના કાન કેવા હોય છે? લગામ કયાં ઘાલે છે? કયા દાંત વડે ખોરાક કાપે અને કયા વડે ચાવે છે? ઘોડા શું શું ખાય છે? નાળ

શા માટે જડાવે છે? ઘોડાનો રંગ કેવો હોય છે? ઘોડાની કઈ કઈ જાતો છે? ઘોડામાં ક્યા ક્યા ગુણ છે.? ઘોડો શા શા ઉપયોગમાં આવે છે? ઘોડો કેટલા વરસ સુધી જીવી શકે છે.?

પાઠ ૫૬ મો.

શેઠ=સાહુકાર
નાળબંધ=નાળજડનાર
ખરી=જનાવરના પગના તળીઆનું હાડકું
ગધેડો=ખર
ફેર=તફાવત
ઝુમખો=જથો
ખોંખારે=હણહણે
ભુકવું=ગધેડાનુ બોલવું
વળ્યા કરે છે=ઉંચકી જાય છે
અડીઅલ=અડી જાય એવું; જીદ્દી; હઠીલું
ઠોઠ=અકકલ વગરનો
નવાઇ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવું
ધીરજવાળું=દુઃખ ખમનાર
કહ્યાગરૂં=કહ્યા પ્રમાણે ચાલનાર
ટટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડીને ઘોડાના સંગમથી પેદા થએલો તે
વાળ=નીમાળા
ટુંકું=નાનું
ડુંગરા=નાના ટેકરા

સાર.

ઘોડા, ખચ્ચર અને ગધેડાનો મુકાબલો. ત્રણેને બે આંખ, બેકાન, ડોકું, મોં, માથું, પીઠ પુંછડું અને ચાર પગ-હોય છે. ત્રણેનું મોં લાંબું હોય છે. ત્રણેના શરીરપર ટૂંકા વાળ છે. પગને તળીએ ગોળ દાબડા છે. ઘોડા અને ખચ્ચરની ડોકપર કેશવાળી હોય છે. ઘોડા ને ખચ્ચરના પુંછડાપર મોટા લાંબા વાળ આખે પૂંછડે હોય છે. ખચ્ચર ને ગધેડાના કાન લાંબા ને મોટા હોય છે. ગધેડા કરતાં ખચ્ચર મોટું, ને ખચ્ચર કરતાં ઘોડો મોટો હોયછે.

પાઠ ૫૭ મો.

ગોકળ ગાય=પરમેશ્વરની ગાય
વાનાં=વસ્તુ
તફાવત=ફેર
ધડ=ચોટીથી પગ સુધીનો બધો ભાગ
ડોકું=ધડની ઉપરનો ભાગ
ઉપલા=ઉપરનો
મોઢું=મોં
તાળવું=મોઢાનીઅંદરનો ઉપલો ભાગ
ભવાં=ભમર(આંખ ઉપરના કમાનદાર વાળ)
પોપચું=આંખનું ઢાંકણુ
રજ=રજકણ
ખાળેછે=અટકાવે છે
છેડો=નાકું
મૂળ=શરૂઆત
ગળું=ચોટીની પછવાડેનો ભાગ
પાસે=બાજુએ
વચલે ગાળે=વચ્ચોવચ
કેડ=કમ્મર
વાંસો=પીઠ; બરડો
ઢીંચણ=ઘુંટણ

શરીરના મુખ્ય બે ભાગ ડોકુને ધડ છે. ડોકામાં માથું, (માથાનો ઉપર નો ભાગ ખોપરી કહે વાય છે તે પર વાળ ઉગે છે) કપાળ,લમણા, કાન, આંખ, નાક મોઢું (મોઢાની અંદર જીભ, દાંત અને તા-ળવું છે.) ગાલ, ગળું, બોચી, દાઢી અને હડપચીછે. ધડમાં બે હાથ, ખભા, બગલ, છાતી, પેટ, ડુંટી, પેઢું, કેડ વાંસો, બે પગ, જાંગ, ઢીંચણ, નળો, પાટલી તળીયું, એડી. અને ઘુંટી છે.

પાઠ ૫૮ મો.

આકાર=ઘાટ

ખબર=જાણ

સ્વાદ=લહેજત

ફીકર=ચિંતા

ધબાકો=અવાજો

જ્ઞાન=સમજ

સવાલ—ઇંદ્રિય કોને કહેવી? ઇંદ્રિયો કેટલી છે ને તે કઇ કઇ? આંખ, કાન, નાક, જીભ અને ચામડીનો ઉપયોગ કહો. આંખ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. રંગ. આકાર અને ચળકાટ. હાથ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. ભારે કે હલકું; પોચું કે કઠણ; લીસું કે ખરબચડું; ટાઢું કે ઉનું; અને આકાર. નાક; કાન અને જીભ વડે પદાર્થના કયા ગુણ જણાય? નાક વડે વાસ; કાન વડે અવાજ અથવા રણકો જીભ વડે સ્વાદ.

પાઠ ૫૯ મો

રંગરેજ=રંગારો

ભુકી=રજ

મૂળરંગ=લાલ પીળો અને વાદળી

ઝાંખા=ફીકા

મેળવીને=એકઠા કરીને

સેલાં=દોપટા

સાલ્લો=બાયડીને પહેરવાનું સુતરાઉ લુગડું

સાડલો

ગળીનો રંગ=કાળો રંગ

વત્તા=વધારે

ખુલતા=બહાર પડતા

સવાલ—રંગરેજ શું કામ કરે? મૂળ રંગ ગણાવો. કીરમજી રંગ બનાવવાની રીત કહો. કીરમજી રંગથી કયાં કયાં લુગડાં રંગાય છે? કેસરીઓ રંગ શી રીતે બનાવવો? કેસરીઓ રંગ કહેવાનું કારણ શું? લીલો, નારંગી, તપખીરી, અને કથ્થાઇ રંગ શી રીતે બનાવવો? ધોળા રંગમાં થોડો કાળો રંગ મેળવીએ તો કયો રંગ બને? ઝાંખો ભુરો રંગ શી રીતે બને? ખુલતો વાદળી રંગ બનાવો. ગુલાબી રંગ શું શું મેળવીને બનાવે છે? મૂળ રંગો પરથી બીજા રંગો શી રીતે બનાવે છે?

પાઠ ૬૦ મો.

ઉઘાડો=નાગો; લુગડાં

પહેર્યાં વગર
ફુટી=થીરાઇ
કાંતીને=તાર કાઢીને
વણેછે=બનાવે છે
દોરશાવાળીઓ=કાપડીઓ
છીંટ=તરેહવાળું લુગડું
જંગલી=સમજણવગરના
છાલ=છોડું
રંગદાર=રંગવાળા
ઢાંકણુ=કવર
રૂવાંટી=ઝીણાં વાળ
ગરજ સારે છે=કામ કરેછે
ભીંગડાં=જાડાં પડ
જામદાની=ઝીણું બુટ્ટાદાર લુગડું
બાસ્તો=સુતરાઉ કપડું
ખાદી=દોટી

સવાલ=લુગડાં પહેરવાથી શો ફાયદો ? ઊન એટલે શું ? ઊનનું કયું કયું કાપડ બને છે ? ઘેટાંને ટાઢ કેમ વાતી નથી ? ઊન સિવાય બીજાં શેનાં લુગડાં બને છે ? ઊન ક્યાં થાય છે ? રૂનાં લુગડાં શી રીતે બને ? રૂનાં કયાં કયાં લુગડાં થાય છે? જંગલી લોકો ઊન અને રૂનાં લુગડાં પહેરતા નથી ત્યારે શેનાં લુગડાં પહેરે છે? પશુ પક્ષીને લુગડાં પહેરવાની જરૂર શા માટે પડતી નથી ?

કવિતાની સમજુતી.

કવિતા ૨ લી. પાઠ ૨ જો. સવારના પહોરમાં શું શું બને છે તેની હકીકત.

હે ! મારા વહાલા દીકરા તું ઉઠ, જંગલમાં પક્ષીઓ બોલે છે. રાત પુરી થઇ ને સવાર પડી, અને પૂર્વ દિશામાં સુરજ ઉગવાની તૈયારી થવાથી અજવાળું થયું; તેથી જાત જાતના રંગો દેખાય છે, અને ઝાડનાં પાંદડાં હાલે છે. માટે હે ! મારા વહાલા દીકરા તું ઉઠ, જંગલમાં પક્ષીઓ બોલે છે. (૧) મરઘા કુકરે કૂક કરે છે. અને કાગડા કા કા કરે છે, શોભિતા મેના, પોપટ અને મોર મીઠા બોલ બોલે છે, (ટેક ૨) સુરજના ઉગવાથી ચંદ્રમાનું અજવાળું ઝાંખું પડયું, અને તારાનો પ્રકાશ દેખાતો બંધ થયો; મતલબ કે તારા દેખાતા નથી, તેથી ચોર લોકો ઝંખવાઇ ગયા અને સંતાઇ જવાને માટે ગલીકુંચી શોધે છે. (ટેક ૩) ભગતો ઇશ્વરનું ધ્યાન ધરે છે, અને ગવૈયાઓ ગાયન ગાય છે; ઉદાર માણસો ઘણુ દાન આપે છે, મુલ્લાંજી નિમાજ પઢવાને માટે બૂમ પાડે છે (ટેક ૪) સુરજ ઉગ્યો તેથી રાતનું અંધારું જતું રહ્યું; ભમરો ગું ગું અવાજ કરી રહ્યો

છે, અને કમળના ફૂલની પાંખડીઓ ખીલે છે, (ટેક. ૫) જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય છે મતલબ કે જેમ જેમ દિવસ ચઢતો જાય છે તેમ તેમ માણુસો (ધંધે વળગવાને માટે) હોંસીલા બને છે; પક્ષીઓ આકાશમાં દોડે છે, અને દોરો ચારો શોધે છે. (ટેક ૬) ઝાડ, વેલા, ફળ અને ફૂલ એ બધાં ભૂલ વગર ધીરે ધીરે ખીલે છે; ઘણાં પક્ષીઓ એકઠાં થઇને તાજું અનાજ ખાવાને માટે જાય છે. (ટેક. ૭) હે ભાઇ તું ખુશી થઇને પરમેશ્વરનું નામ દઇને ઉઠ, અને મન દઇને પાઠ વાંચ, એમ મા પોતાના છોકરાને કહેછે. (ટેક ૮)

કવિતા ૨ જી પાઠ ૫ મો. સોબત તેવી અસર.

જેને જેવી સોબત તેને તેવીજ અસર થાય; જેને જેવી સોબત તેવોજ પ્યાર તેનામાં આવે. (૧) જેને જેવી સોબત તેના જેવાંજ તે કામ કરશે; જેને જેવી સોબત તેવીજ જગાએ તે જઇને ઉભો રહેશે. (૨) સારાની સોબતથી સારો થશે, અને નઠારાની સોબતથી નઠારો થશે; સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે અને નસીબવાન થાય. મતલબ કે સારા ગુણવાળા મહેતાજીના હાથ નીચે કેળવાય તો નસીબવાન થાય. (૩)

કવિતા ૩ જી. પાઠ ૧૦ મો. ફરી ફરીને (સારૂં) કામ કરવા બાબત.

કરોળીઓ જાળ બનાવતાં ભોંયપર પડી જાય છે ત્યારે ગભરાય છે; અને વગર તૂટેલા (આખા) તાર ઉપર ચઢવાને માટે (ફરીથી) જાય છે. (૧) તેણે (કરોળીઆએ) તાર ઉપર ચઢવાને માટે મહેનત કરવા માંડી; પણ તરત તે નીચે પડયો અને ઉપર ચઢવાના કોઇ ઉપાયમાં ફાવ્યો નહિ. (૨) એવી રીતે (પડતો અને ચઢતો) ફરી ફરીને બે ત્રણવાર મંડયો રહ્યો, તોપણ તેમાં ફાવ્યો નહિ ત્યારે ફરીને ચઢવાને તૈયાર થયો. (૩) હિંમત રાખીને ઉમંગથી તે છઠ્ઠીવાર ચઢવાને મંડયો રહ્યો; તેણે ધીરજ રાખી તેથી તે નક્કી જાળમાં જઇ પહોંચ્યો. (૪) જો કરોળીઆએ ફરી ફરીને કાળજીથી મહેનત નહિ; કરી હોતતો પગ તળે છુંદાઇને વગર મોતે મારો જાત. (૫)

જો પ્રમાણે (કરોળીઆની પેઠે) જો માણસો મનમાં કાળજી ગણીને, આળસ કાઢી નાખીને મહેનત કરે તો ઘણોજ ફાયદો મેળવે. (સાર—સારૂં કામ ફરી ફરીને ઉમંગથી કરવું.)

કવિતા ૪ થી. પાઠ ૧૫ મો. હળીમળીને રહેવા વિષે

આપણે બંને જણ ભાઇ અને બેન મળી સંપીને (હળી મળીને) રમીએ તો સુખ થાય અને મઝા પડે; પણ જો લડીએ કે રડીએ તો ઘણી દીલગીરી થાય, આબરૂ ઓછી થાય અને લોક નિંદે એટલે નઠારૂં બોલે અથવા બદગોઇ કરે. (૧) હે ! જોરાવર બાપ પરમેશ્વર તું અમને હંમેશાં સંપ આપ; (હળીમળીને રહેવાની બુદ્ધિ આપ) જેથી કરીને અમારા દહાડા સુખમાં જાય અને કોઇ દિવસ જરા પણ કંકાસ થાય નહિ (૨) છોકરાં હળીમળીને રહેતાં હોય, અને કોઇ દિવસ કોઇ લડે કે રડે નહિ, તેઓ હળીમળીને રમે, જમે અને ગીતો ગાય તો મા મનમાં ઘણી ખુશી થાય. (૩) સાર— સગાં વહાલાં સાથે સંપસંપીને ચાલવું)

કવિતા ૫ મી. પાઠ ૧૭ મો. વગર વિચાર્યું ન કરવા બાબત.

જે માણસ વિચાર કર્યા વગર કામ કરે છે, તે પાછળથી દીલગીર થાય છે; જુઓ એવાં (વગર વિચારનાં) કામ કરવાથી ઘણાના જીવ જાય છે. (મરી જાય છે.) (૧) (સાર—ઉતાવળથી વગર વિચારે કામ કરવું નહિ.)

કવિતા ૬ ઠ્ઠી. પાઠ ૨૫ મો. કુહાડી.

નાનો છોકરો બાપની કુહાડી લઇ જોરાવર ડાહ્યો મરદ બન્યો; ને કંઇ ચીજ જુએ તો ઘા મારીને કાપે, એમ રમતો રમતો ગામને પાદરે તળાવપર ગયો. (૧) ત્યાં (તળાવમાં) માછલાંએ જરા પાણી હલાવ્યું, તેથી છોકરાએ પાણીની અંદર કંઇક જોયું; એટલે છોકરો મનમાં બીધો તેથી કુહાડી પાણીમાં પડી ગઇ તે વખતે તે બહુ બાંટો પાડીને રડ્યો. (૨) હંમેશાં પાણીમાં આમ તેમ હાલ્યાં કરતાં

અને અંદર સમાઈ જતાં એવાં દયાળુ દેવી માતા તે છોકરાનો અવાજ સાંભળીને (પાણી ઉપર) આવ્યાં, દેવી બોલી કે આ રૂપાની કુહાડી લે, પણ છોકરો કહે છે કે હે ! માતા મારી કુહાડી એવી નથી (૩) બીજી વખત સોનાની કુહાડી લઈને બતાવી ત્યારે માથું ... (ના કહીને) છોકરો કહે છે કે એ પણ મારી નથી. ... કુહાડી ઘણી ગમે છે, માટે હે ! દયાળુ માજી, તમે પાણી ... મારી કુહાડી કાઢી આપો. (૪) દેવીએ કુહાડી કાઢી આપી અને છોકરા સાથે બોલ્યાં (છોકરાં ... તને સુખ અને દોલત મળજો અને પરમેશ્વર તારાપર મહેરબાની કરજો. મતલબ કે તારાપર પરમેશ્વરની મહેરબાની થજો (સાર—સાચું બોલવું.)

કવિતા ૭ મી. ... પાઠ ૩૪ મો. પરમેશ્વરની ડહાપણ.

જ ... ત્યારે (પરમેશ્વરે) આ દુનીઆમાં ઘણીજ સારી ... બનાવટ ... આ દુનીઆમાં નાના મોટા એમ ઘણી જાતના ... (૧) તરેહવાર રંગનાં ખીલતાં ફુલો, ગાયન ગાતાં ... સારા રંગવડે શોભતાં ઝાડનાં પાંદડાં તથા પક્ષીની ... બનાવ્યાં છે (૨) વળી પરમેશ્વરે મોટા મોટા પહાડો, ... દરીઆ, નદી, ઓવારા અથવા પહાડમાંથી જવા આવવાના રસ્તા, શહેર અને જંગલના રસ્તા વગેરેની સારી શોભિતી બનાવટ બનાવી છે (૩) શિયાળામાં ઠંડો પવન સારી ઠંડક આપે છે, અને ઉનાળામાં સુરજનો તાપ નક્કી ઘણો પડે છે. (૪) ચોમાસાના ઋતુમાં વરસાદ વરસે છે, ઝાડો ... ફળો લટકતાં દેખાય છે અને મોરનો મીઠો અવાજ સંભળાય છે (૫) ... આમાં ચંદ્રનું અજવાળું આનંદ આપે છે; અને અંધારે ... પ્રકાશનો રંગ શોભિતો દેખાય છે. (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટાં મેદાનો બનાવ્યાં છે. વળી પાણીમાં વેલા અને તેનાં પાંદડાં કેવાં તરે છે ! (૭) હે ! પરમેશ્વર તેં જોવાને માટે આંખ

આપી છે, સાંભળવાને માટે કાન આપ્યા છે, અને બોલવાને માટે જીભ આપી છે એ સારૂં કર્યું છે. (૮) વળી દાંત આપ્યા તેની સાથે ખાવાનો ખોરાક આપીને આપણાપર બહુ ઉપકાર કર્યો છે; હે! પેદા કરનાર (પરમેશ્વર) તેં જે જુક્તિ કરી છે તે સમજી શકાય તેમ નથી. (૯) **સાર—પરમેશ્વરે માણુસ જાતના સુખને માટે દુનીઆમાં બધી** વસ્તુઓ બનાવી છે. તેનો પાડ વાળવા માટે દરરોજ તેની ભક્તિ કરવી.

કવિતા ૮ મી. પ.ડ ૩૫ મો. પાનખર ઋતુ (વસંત ઋતુમાં શું શું બને છે તેની હકીકત.)

મોટા વડના ઝાડપર પથરાએલા વેલા તે જાણે તંબુ ઉભા કર્યો હોયની! એવું દેખાય છે. તંબુપર જેમ ધજા વાવટા ફરકતા હોય તેમ કેળ, નાળિએરી અને તારનાં ઝાડ તે ધજા ને વાવટા જેવાં જણાય છે. (૧) ઝાડનાં પીળાં અને પાકાં પાંદડાં હોય, તે ખરીને જમીન પર પડે છે. પછી ઝાડને નવાં પાંદડાં આવે છે તેથી ઝાડ શોભિતાં દેખાય છે. (૨) (વસંત ઋતુમાં જુના પાંદડાં પાકાં થવાથી ખરી પડે છે અને તેને બદલે નવાં પાંદડાં ફુટી નીકળે છે) કોયલ મધુર શબ્દ બોલે છે; તીતર, કબુતર, અને બીજાં ઘણાં પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે. (૩) લોકો કેસુડાનાં ફૂલનો (કેસુડો) રંગ ઘોળીને હોળી રમે છે. એટલે રંગના એક બીજા પર પીચકારી મારે છે. બાગમાં ફુઆરા ઉડાડે છે અને બજારો તથા ચોકમાં પાણી છાંટે છે મતલબ કે પાણીનો છંટકાવ કરે છે. (૪) ભમરાઓ ગું ગું અવાજ કરે છે. અને ઝાડો પર તરેહવાર ઘણા રંગો દેખાય છે; આંબા ઉપર મોર આવવાથી તે શોભે છે, અને ચોતરફ ચાંદની શોભી રહે છે. (૫) માણસો લહેજતથી (ખુશીથી) શીખંડ ખાય છે. અને ઠંડું પાણી પીએ છે; પશ્ચિમ અને દક્ષિણ તરફના પવનથી શરીર સુખી રહે છે. (પશ્ચિમ અને દક્ષિણમાં દરીઓ હોવાથી પવન ઠંડા આવે છે.)


કવિતા ૯ મી. પાઠ ૪૮ મો ખેડૂત વિષે.

અરે ! ખેતી કરનાર તું ખરેખર જગતનો બાપ ગણાગો છે. કારણ કે તું ખેતી કરે છે તેથી બધાં પ્રાણીને ખોરાક મળે છે. તેથી આ આખી દુનીઆનું પોષણ કરનાર પણ તુંજ જણાય છે. (૧) તું કપાસ, ફળ, ફુલ, ઘાસ અને અનાજ પકવે છે; તોજ બધાં પ્રાણીઓ અનાજ ખાય છે અને માણસો ખુશીથી કપડાં પહેરે છે. [૨] તું વરસાદ ને તડકો વેઠે છે અને વળી ઘણી મહેનત કરે છે. તેથી તું શરીરે જબરો બને છે અને હંમેશાં સંતોષથી ફરે છે એટલે સંતોષી રહે છે. [૩] ખેતી નક્કી સૌથી સારી છે વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે; તું કાળજીથી ખેતી કરે છે અને જગતને સારી શિખામણ આપે છે, કે તમે મારી પેઠે મહેનત કરશો તો જબરા, સંતોષી અને પારકાનું ભલું કરનારા થશો. [૪] [ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, નકૃષ્ટ નોકરી, નાદાન ભીખ; એટલું ન આવડે તો દલાલી કરતાં શીખ.]

કવિતા ૧૦ મી પાઠ ૫૨ મો મધમાખી વિષે

હે ! મધમાખી, તું મહેનતુ છે, અને વળી કારીગીરીની નિશાળ છે; [કારીગીરીની નિશાળ કહેવાનું કારણ એ કે મધપુડાના ખાના જેવી કારીગીરી માણસથી પણ બરાબર થઇ શકે નહિ.] મનને મોહ પમાડે એવો મધપુડો બનાવે છે, અને તરતજ તેમાં રસ મૂકે છે. [૧] મીઠું મધ ચૂસી લઇને તું મીણ બનાવે છે. તેથી [મધ અને મીણથી] ઘણાં કામ થાય છે અને તે ઘણોજ ફાયદો કરે છે [૨] તું નાનું સરખું જીવડું છે, પણ મોટું [ઉપયોગી] કામ કરતું જણાય છે. વળી તું ડાહી ને ચોકખી દેખાય છે. તેથી તારૂં જોઇને બધા ડાહ્યા માણસો આળસ છોડી દે છે. [૩] કીડી કરોળીઆ અને મંકોડા વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે. તેમાં પણ તુંજ વખણાય છે. [મતલબ કે એ બધાં જીવડાં કરતાં તું વધારે મહેનત કરે છે.] **સાર**– માણસે ઉદ્યોગીને હુનરી થવું.

ભૂગોળની શરૂઆત.



દિશા. (સ. ૧) દિશા કેટલી છે! ઉ. ચાર. (સ ૨) દિશાનાં નામ દો. ઉ. ઉત્તર, દક્ષિણ, પુર્વ, પશ્ચિમ. (સ. ૩) દિશા શાઉપરથી જાણી શકશો ? ઉ. સુરજ ઉપરથી, (સ. ૪) સુરજપરથી દિશા ઓળખવાની રીત બોલો. ઉ જે દિશામાં સુરજ ઉગે તે પૂર્વ; આથમે તે પશ્ચિમ. સુરજ સામું મોં કરી ઉભા રહેવાથી ડાબા હાથ તરફ ઉત્તર ને જમણા હાથ તરફ દક્ષિણ. (સ. ૫) સુરજ બીલકુલ ન દેખાય તો શા વડે દિશા પારખશો ? ઉ. ધ્રુવના તારા ઉપરથી. (સ. ૬) ધ્રુવનાતારા ઉપરથી દિશા જાણવાની રીત બોલો. ઉ. ધ્રુવનો તારો હંમેશાં ઉત્તર દિશામાં ઉગે છે માટે એ તારા તરફની ઉત્તર, તેની સામેની દક્ષિણ; જમણા હાથપર પુર્વ ને ડાબા હાથપર પશ્ચિમ. (સ. ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને માટે બીજું સાધન છે ? ઉ. હોકાયંત્ર (સ. ૮) હોકાયંત્રપરથી કઈ દિશા જાણી શકાય ? ઉ.

ઉત્તર દિશા. (એની સાય હંમેશાં ઉત્તર દિશાપર રહે છે.) (પ્ર. ૯) દિશા જાણવાથી શું ફાયદો ? ઉ. ફલાણી જગાપરથી ફલાણી જગા કઇ દિશાએ અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઇ દિશામાં આવે તે માલમ પડે છે. (પ્ર. ૧૦) નકશાની દિશા શી રીતે જાણવી ? ઉ. નકશા સામું મોં કરી ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર, પગ તરફની દક્ષિણ, જમણા હાથ તરફની પૂર્વ અને ડાબા હાથ તરફની પશ્ચિમ. (ચિત્રમાં નકશાની દિશા બનાવી છે.)

ખુણા. (પ્ર. ૧] ખુણા કેટલા છે ? ઉ. ચાર [પ્ર. ૨] ખુણા-નાં નામ બોલો. ઉ અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, ઇશાન. [પ્ર. ૩] ખુ-ણા પારખવાની રીત બોલો. ઉ. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈરૂત્ય, પશ્ચિમ ને ઉતર વચ્ચે વાયવ્ય અને ઉત્તરને પૂર્વ વચ્ચે ઇશાન.

નકશાનું ભાન. (પ્ર. ૧) નકશો એટલે શું ? ઉ. ગામ, દેશ, કે શહેરનો ચિત્રેલો નમુનો. (પ્ર ૨) નમુના એટલે શું? ઉ. આકાર, ઘાટ. [પ્ર. ૩] નિશાળના ઓરડાનો નકશો શી રીતે પાડશો ? ઉ. પ્રથમ ઓરડાની દિશા લખવી પછી ઓરડાની દિશાનું માપ લેવું ત્યારબાદ આટલા ફુટે એક ઈંચ એ પ્રમાણે નિ-શાન મુકવા તેજ કોષ્ટક પ્રમાણે બીજી દિશાનું માપ લઇ ત્યાં નિ-શાન મુકવા પછી લીટી દોરી લેવી વચ્ચે બારણાં બારી જે દિશામાં હોય તે દિશામાં ઝીણી "બબ્બે" લીટી દોરી બતાવવું. આ મુજબ નિશાળનો; પછી નિશાળથી ગામનો એમ અનુક્રમે પડાવતા શીખવવું) (પ્ર. ૪) ગામનો કે બીજા સ્થળનો નકશો પાડતાં પહેલાં શું ધ્યાનમાં રાખવું ? ઉ. પ્રત્યક્ષ અવલોકન કરવું, માપ લેવું, તેની નોટ કરવી (પ્ર, ૫) કિન્ડરગાર્ડન મુજબ માટીના આકારથી ગામનો નકશો શી રીતે બનાવવો ? ઉ, માટીની ઈંટોનો જથો પાસે રાખી ગામની લંબાઇ પહોળાઇ પ્રમાણે ગોઠવવી. ગામના મુખ્ય સ્થળો બનાવવાને વચ્ચે ચોરસ, બંગલી, વાવ. તળાવ વગેરે આકાર

ગોઠવવા. (પ્ર. ૬) નકશામાં લાલ રંગ શું બતાવે છે ? ઉ. (બ્રિટિશ) અંગ્રેજ સરકારની હદ. (પ્ર. ૭) પીળી હદ શું બતાવે છે ? ઉ. ખંડીઆ મુલક [અંગ્રેજ સરકારને ખંડણી ભરનારાં દેશી રાજ્ય) [પ્ર. ૮] લીટી હદ શું બતાવે છે ? ઉ. સ્વતંત્ર રાજ્યો (પ્ર ૯) રેલવેની સડક નકશામાં શી રીતે માલમ પડે છે? ઉ. લીટી ઉપર આસે પાસે કાપા પાડેલા છે તેથી [પ્ર. ૧૦] પગ રસ્તાની સડક શી રીતે ઓળખાય ? ઉ. લાંબી કાળા રંગની જાડી લીટી દોરેલી હોય તેથી. [પ્ર. ૧૧] નદી શી રીતે ઓળખાય ? ઉ લાંબા વાંકાચુંકી બેવડી લીટી હોય ને વચ્ચે વાદળી રંગ હોય તેથી. [પ્ર. ૧૩] સરોવર શી રીતે ઓળખાય ? ઉ. કુંડાળા વચ્ચે વાદળી રંગ હોય તેથી (પ્ર. ૧૨] શેહેર શી રીતે ઓળખાય ? ઉ. [illegible] ટપકા સાથે મુકેલા હોય તેથી [પ્ર. ૧૪] પર્વત શી રીતે ઓળખાય ? ઉ. વાંકીચુંકી લીટી ન [illegible] કાન ખજુરા જેવા લીટા હોય તેથી [પ્ર. ૧૫] સમુદ્ર શી રીતે ઓળખાય ? ઉ. ઘણોજ ભાગ વાદળી હોય તે પરથી.

(નકશામાં આંખને રંજન કરવાને સુંદર રંગો પૂરેલા હોય છે પણ તે કોના રાજ્યો એ પ્રત્યક્ષ બતાવતા નથી [illegible] નકશામાં ખુલ્લું બતાવેલું છે.] રાજકીય ભૂગોળ.

મહેસુલી ખાતુ · [પ્ર ૧] મહેસુલી ખાતું શું [illegible] છે? ઉ. જમીનની મહેસુલ ઉઘરાવવી તેનો હિસાબ [illegible] [પ્ર. ૨] ગામની મહેસુલ ઉઘરાવનારને શું કહે છે ? ઉ. [illegible] [પ્ર. ૩] તલાટીને મદદ કરનાર કોણ હોય છે ? ઉ. મુખી. [પ્ર. ૪] તલાટી અને મુખીના ઉપરીને શું કહે છે ? મામલતદાર [પ્ર. ૫] મામલતદાર માજીસ્ટ્રેટ કયારે કહેવાય ? ઉ. ઇનસાફનું કામ કરે ત્યારે. (પ્ર. ૬] મામલતદાર પર કોણ દેખરેખ રાખે છે ? ઉ. આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટી કલેકટર. [પ્ર. ૭] આસિ. કલેકટર અને ડેપ્યુટી કલેકટરના ઉપરીને શું કહે છે ? ઉ કલેકટર [પ્ર. ૮] કલેકટર શું કામ કરે છે ? ઉ. મહેસુલી, પોલિસ, મ્યુનિસિ.

પાસ, હોસ્પિતાલ, બાંધકામ વગેરે ખાતાપર દેખરેખ રાખે છે. [પ્ર. ૯] કલેક્ટર ઇનસાફનું કામ કરે ત્યારે એ કયો અધિકારી કહેવાય ? ઉ. ડિસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ. [પ્ર ૧૦] કલેક્ટરને પોલિટિકલ એજંટ ક્યારે કહે છે ? ઉ. જ્યારે દેશી રાજ્યો સંબંધી કામકાજ પર દેખરેખ રાખવાનું કામ કરે ત્યારે.

પોલિસખાતું–[પ્ર, ૧] પોલિસખાતું શું કામ કરે છે ? ઉ. લોકોના જાન માલનું રક્ષણ કરે છે. [પ્ર. ૨] ગામડામાં પોલિસ અધિકારી કોણ હોય છે? ઉ. પોલિસ પટેલ. [મુખી] (પ્ર. ૩) તાલુકાના પોલિસના ઉપરીને શું કહે છે ? ઉ. ફોજદાર. (પ્ર. ૪) ફોજદાર પર કોણ દેખરેખ રાખે છે ? ઉ. ડિસ્ટ્રિક્ટ પોલિસ ઇન્સપેક્ટર (પ્ર. ૫) ફોજદાર અને ડિસ્ટ્રિક્ટ પોલિસ ઇન્સપેક્ટરના ઉપરીને શું કહે છે. ? ઉ. પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ

દિવાની ખાતું—(પ્ર. ૧) દિવાનીખાતું શું કામ કરે છે ? ઉ. લેણુદેણુનો ઇનસાફ કરે છે. (પ્ર. ૨) શહેરના રૂ. ૫૦૦ ની અંદરના લેણદેણના ઇનસાફ કરનારી કઇ કોર્ટ છે અને તેના ઉપરીને શું કહે છે ? ઉ. સ્મોલ કાજ કોર્ટ અને તેના ઉપરીને સ્મોલકાજ જજ કહે છે. (પ્ર. ૩) તાલુકામાં લેણદેણનો ઇનસાફ કરનાને કઇ કોર્ટ છે ? અને તેના ઉપરીને શું કહે છે ? ઉ. સેકન્ડ ક્લાસ સબજજ કોર્ટ અને તેના ઉપરીને સબજજ (મુનસફ.) સાહેબ કહે છે. (પ્ર. ૪) શહેરમાં સબજજ કોર્ટો કેટલી છે ? ઉ. ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડક્લાસ. (પ્ર. ૫) જિલ્લામાં ઇનસાફ કનાર મુખ્ય અધિકારી કોણ છે ને તે શું કામ કરે છે ? ઉ. ડિસ્ટ્રિક્ટ જજ તેઓ લેણદેણ સંબંધી ભારે દાવા ચુકવે છે તથા લુટફાટ વગેરેની અપીલ સાંભળે છે ત્યારે એ સેસનજજ કહેવાય છે. (પ્ર. ૬) ડિસ્ટ્રિક્ટ જજના હાથ નીચે એ ખાતાના કામ કયા અધિકારી છે ? ઉ. સ્માલકાજ જડજ ને સબજજ.

વૈદક ખાતું—(પ્ર. ૧) વૈદકખાતું શું કામ કરે છે ? ઉ. માંદા

માણસની માવજત કરે છે તથા તેમને દવા વગેરે આપે છે. (પ્ર ૨) મોટા તાલુકાઓમાં વૈદક અધિકારી કોણ હોય છે ? ઉ. હોસ્પિતાલ આસિસ્ટંટો (પ્ર. ૩) હોસ્પિતાલ આસિસ્ટંટના હાથ નીચે કોણ હોય છે ? ઉ. કંપાઉન્ડર (દવા આપનાર) વગેરે (પ્ર ૪) હોસ્પિતાલ આસિસ્ટંટના ઉપરી કોણ અને તેઓ ક્યાં રહે છે ? ઉ. સિવિલ સર્જન તેઓ જિલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

જાહેર બાંધકામ ખાતું—[પ્ર. ૧] જાહેર બાંધકામખાતું શું શું કામ કરે છે ? ઉ. સરકારી મકાનો, રસ્તા, પૂલો અને સડકો વગેરે બાંધે છે તેમજ સમરાવે છે [પ્ર. ૨] એ ખાતા તરફથી તાલુકામાં કોણ હોય છે ? ઉ. ઓવરશિયર. [પ્ર. ૩] ઓવરશિયરના ઉપરીને શું કહે છે ? ઉ. એક્ઝીક્યુટીવ ઇજનેર.

કેળવણી ખાતું—[પ્ર. ૧] આસિસ્ટંટ માસ્તરના ઉપરીને શું કહે છે ? ઉ- મહેતાજી [પ્ર. ૨] નિશાળોની તપાસ રાખવા માટે જિલ્લામાં કોણ છે ? ઉ. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર [પ્ર. ૩] ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરને મદદ કરનાર કોણ ? ઉ. આસિ. ડે. એ. ઇન્સ્પેકટરો અને તાલુકા માસ્તરો.

મ્યુનિસિપાલ ખાતું—[પ્ર ૧] મ્યુનિસિપાલીટી શું શું કામ કરે છે ? ઉ. રસ્તા સાફ રાખવાનું, દીવાબત્તી સળગાવવાનું, સડકોપર પાણી છાંટવાનું, લોકોની સુખાકારી સંભાળવાનું, શરૂઆતની કેળવણી આપવાનું વગેરે [પ્ર. ૨] મ્યુનિસિપાલીટીનો ખરચ શાથી નભે છે ? ઉ. જકાત, જાજરૂ વેરો. ઘરવેરો ગાડીવેરો નળવેરો વગેરેથી. [પ્ર ૩] મ્યુનિસિપાલીટી કયા ગામમાં હોય અને કયા ગામમાં ન હોય ? ઉ પાંચહજાર કરતાં વધારે વસ્તી હોય ત્યાં મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યાં ન હોય [પ્ર. ૪] મ્યુનિસિપાલીટી નો કારભાર કોણ ચલાવે છે ? ઉ. સરકાર તરફથી નિમાયલા અને પ્રજા તરફથી ચુંટી કઢાયલા સભાસદો. (પ્ર ૫) એ સભાસદો શા નામથી ઓળખાય છે ઉ. કમિશ્નર. (પ્ર ૬) મ્યુનિસિપાલીટીમાં સૌથી ઉપરી કોણ અને

તેને મદદ કરવાને કાણુ કાણુ હોય છે ? ઉ. પ્રેસીડંટ અને તેને મદદ કરવાને ચીફ્ઓફીસર, આસિસ્ટંટ સેક્રેટરી, ઈન્સ્પેક્ટર ને કારકુનો વગેરે

લોકલફંડ ખાતું—(પ્ર ૧) લોકલફંડ ખાતું શું શું કામ કરે છે ? ઉ, કુવા, તળાવ, રસ્તા વગેરે બંધાવવાનું તથા જાળવવાનું તથા કેળવણી આપવાનું. (પ્ર. ૨) લોકલફંડ ખાતાનો ખરચ શી રીતે ચાલે છે ? ઉ. સરકાર જમીન ઉપર જે મહેસુલ લે છે ત ઉપર દર રૂપીએ એક આનો લોકલફંડનો વધારો લે છે તેમાંથી ચાલે છે. (પ્ર. ૩) લોકલ ફંડનો વહીવટ કરનાર મંડળી શું કહે છે ? ઉ. લોકલબોર્ડ. (પ્ર. ૪) લોકલફંડનો હિસાબ રાખનાર અધિકારીને શું કહે છે ? ઉ. લોકલફંડ કલાર્ક.

પોષ્ટ ખાતું—(પ્ર. ૧) પોષ્ટ ખાતું શું કામ કરે છે ? કાગળો, બેંગીઓ, પારસલો તથા પૈસા એક ગામથી બીજે ગામ લઇ જવા લાવવાનું તથા પૈસા સાચવી તેનું વ્યાજ આપવાનું કામ કરે છે. (પ્ર. ૨) પોષ્ટઓફિસના ઉપરીને શું કહે છે ? ઉ. પોષ્ટમાસ્તર (પ્ર. ૩) પોષ્ટમાસ્તરને મદદ કરનાર કાણુ કાણુ હોય છે ? ઉ. ડેપ્યુટી પોષ્ટમાસ્તર, કારકુનો, સિપાઇ ટપાલી વગેરે.

પરચુરણ—ઉપર સિવાય તારખાતું, જંગલખાતું, સરવે ખાતું એગ્રિકલચરલ ખાતું આબકારી ખાતું, કસ્ટમ ખાતું, નીમક ખાતું, શીલાખાતું. રજીસ્ટર ખાતું વગેરે ઘણાં ખાતાં છે.

સ્થાનિક પેદાશ—ગામમાં કે શહેરમા કે જિલ્લામાં મુખ્ય પાક થતા હોય તે.

પરદેશ જતી ચીજો—(જે વસ્તુની નીપજ ઘણી થાય તે વસ્તુ પરદેશ જતી ચીજોમાં ગણવી)

પરદેશથી આવતી ચીજો–(ગામ શહેર કે જિલ્લા પ્રમાણે લોખંડ કામ; કાચ, કાપડ, ઇમારતી લાકડા, વગેરે આવતી ચીજો ગણાવવી.)

સામાન્ય ભૂગોળ.

સ્કુલના ફરનીચર ઉપરથી ઉંચાણ, નિચાણ, દિશા, માપ વગેરે પ્રશ્નો કરી પુછવા, છાપરાનો ઢાળ શા માટે કાઢયો ? તે ઉપરથી

ગામનું વરસાદનું પાણી કઇ દિશામાં ને કેવી જગ્યામાં જાય છે પાણી ભરાઈ રહેનારા સ્થળો કેવી જગ્યામાં છે આ જગ્યામાં કેવી છે વગેરે પ્રશ્નો પૂછી તે પરથી ઉંચાણ નિચાણ બતાવવાં. પછી ડુંગર, પહાડ, વગેરે પણ જણાવવું. ઋતુના પ્રમાણમાં કયો પાક કયારેથાય છે તે જણાવવું તથા તે પાક કેવા મુલકમાં થાય ને કેવા મુલકમાં ન થાય તે જણાવવું.

વ્યાખ્યા.

શેરી—સામસામી ઘરોની હાર હોય તે. **મહોલ્લો**—ઘણી શેરી મળીને [illegible] ભાગ. **પરૂં**—શહેરનો પાછળથી વસેલો ભાગ.

[illegible]—[illegible] વસ્તી હોય અને નાનાં ઘરો હોય તે.

કસ્બો—[illegible] ગામ જેમા ૫૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી [illegible].

શહેર—સારાં મોટાં [illegible] ઘરો અને ઘણાં ઘરની વસ્તી હોય તે,

તાલુકો—ઘણાં ગામો મળીને થયેલો ભાગ જે મામલતદારના તાબામાં હોય છે તે.

જિલ્લો—કલેકટરના તાબાનો મુલક કે જેમાં ઘણા તાલુકા આવેલા હોય છે તે

બંદર—નદી કે દરિયા કાંઠે આવેલું શહેર કે જ્યાંથી ઘણો માલ [illegible] થતો હોય તે.

એજન્સી—[illegible] મુલક જે પોલિટિકલ એજંટના તાબામાં હોય છે તે.

પોલિટિકલ એજન્ટ—દેશી રાજ પર દેખરેખ રાખનાર અધિકારી.

તળાવ—(નાનું સરોવર) જેની ચાર બાજુ જમીન ને વચ્ચે પાણી હોય છે તે.

બેટ—(નાનો દ્વીપ) જેની ચાર બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે.

પહાડ—(પર્વત) (મોટા ડુંગરા) જે ઘણાજ ઉંચાં તથા લાંબા પહોળા ટેકરા મળી થએલો હોય તે.

નદી—મીઠા પાણીનો પ્રવાહ પર્વત અથવા સરોવરમાંથી નીકળીને નિચાણ જગા પર થઈ મોટી નદી અથવા દરીઆને મળે છે તે.

સમુદ્ર—ખારા પાણીનો ભાગ, આગબોટ વગેરેને માલ લાવવા લઈ જવાનો ધોરી રસ્તો, કે નદીને મળવાનું ઠેકાણું.

મીઠાબંદર—મીઠું પકવવાને મુકરર કરેલી જગ્યા.

હવા ખાવાનું ઠેકાણું.—જે જગ્યાપર ખારી ને ખુલ્લી હવા હોય તે અથવા ડુંગરાવાળી જગ્યા કે જ્યાં ચોકખી ને ઠંડી હવા આવે તે.

તીર્થસ્થળ—(જાત્રાનું ઠેકાણું) કે જેનું મહાત્મ ઘણે દૂર સુધી જણાતું હોય ને પુષ્કળ જાત્રાળુ આવતા હોય તે જગ્યા.

પ્રત્યક્ષ અવલોકન કરાવવા સંબંધી.

૧ ગામ, શહેર બતાવવાને તેવા ભાગ ઈંટોથી ગોઠવવો, વચ્ચે નિશાળ, બજાર, દવાખાનાં, ધર્મશાળા વગેરે પ્રખ્યાત સ્થાન ગોઠવવાં (તેવો આકાર ગોઠવાય નહિ તો એંધાણી મુકવી.)

૨ તાલુકો કે જિલ્લો બતાવવાને લંબગોળ ઉપસેલો ગોળ કે બેઠેલો ગોળ કે ચોરસ જેવી આકૃતિ હોય તે પ્રમાણે ઈંટો ગોઠવવી. વચ્ચે પ્રખ્યાત ગામો બતાવવાને ઉંચી ઈંટોની બંગલી ગોઠવવી વચ્ચે નદી બતાવવાને માટીની સર્પાકૃતિએ ઈંટો ગોઠવવી અથવા માટીની પાળ બાંધી લેવી ડુંગર બતાવવાને ગોળા ઉપરા છાપરી ચઢાવવા. સરોવર અથવા તળાવ બતાવવાને ગોળ આકારમાં ઈંટો ગોઠવવી. બેટ અથવા દ્વીપ બતાવવાને પાણીનું વાસણ લઇ તેમાં ગોળાકાર સપાટ ગોઠવવો, પણ તે પાણીની સપાટ કરતાં ઉંચો માલમ પડવો જોઇએ. ઉપર પ્રમાણે બધા દેખાવો પ્રથમ ગોઠવ્યા પછી તેનું ભાનકરાવવું.

ડ્રિલ માટે આપેલી સુચના પહેલી ચોપડીના અર્થમાં જુઓ.

ડમ્બેલ્સની ડ્રિલ.

દરેક રમત ૧૧ સુધી કરાવી બારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મૂકાવી દેવડાવવા.

હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલવાનો.

રમત. ૧૧ મી ૧) જમણો હાથ ઉંચો. ૧) જમણા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને જમણો હાથ ઉંચો રાખવો.

રમત. ૧૨ મી ૧) ડાબો હાથ ઉંચો ૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને હાથ ઉંચો રાખવો.

રમત. ૧૩ મી. ૧) જમણો હાથ ઉંચો. ૨) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત. ૧૪ મી. ૧) ડાબો હાથ ઉંચો. ૨) ડાબો હાથ માથા પાછળ

ળથી લઇ ફેરવીને ઉચો રાખવો.

રમત. ૧૫ મી. ૧) બેઉ હાથ ઉચા રાખવા ૧) જમણા હાથની મુઠ્ઠી મોં તરફથી લઇ ફેરવીને જમણો હાથ ઉંચો રાખવો. ૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉચો રાખવો.

રમત. ૧૬ મી, બેઉ હાથ ઉચા રાખવા ૧) જમણો હાથ માથા પાછળથી લઈ ફેરવીને ઉચો રાખવા. ૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉચો રાખવો.

રમત. ૧૭ મી. બેઉ હાથ ઉંચા ૧) જમણો હાથ માથા ઉપરથી (મોં તરફથી) લઇ ફેરવીને ઉંચો રાખવો ૨) ડાબો હાથ માથા ઉપરથી (મોં તરફથી) લઇ ફેરવીને ઉચો રાખવો.

રમત. ૧૮ મી. ૧) બેઉ હાથ સામા લાંબા (મુઠીઓ જમીન તરફ) ૨) બેઉ હાથ બગલ આગળ લાવવા (કોણીઓ પાછલી તરફ)

રમત. ૧૯ મી. ૧) બેઉ હાથ સામા લાંબા (મુઠીઓ જમીન તરફ) ૨) બે હાથ પાછળ લાંબા (મુઠીઓ આકાશ તરફ)

રતમ ૨૦ મી. (બે પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું.) ૧ બેઉ હાથ ઉચા. ૨) બેઉ હાથ પગના આંગળા આગળ.

પાઠવાર જોડાક્ષર તથા અઘરા શબ્દો.

પરમેશ્વર	વેરમાર્ગ	ભકિત	ધર્મશાળા	**પૃથ્વી**
બતાવ્યા	બાંધ્યું	આવ્યો	ચંદ્રમા	**સરજ્યાં**
બનાવ્યા	કર્યુ	ભ્રમર	મુહલાં	**પુત્ર**
ચંદ્ર	પડ્યું	ધ્યાન	રહ્યો	**પુત્ર**
પ્રભુ	પર્વ	શ્રાવણ	વસ્ત્ર	**ત્રાસ**
ચૈત્ર	કાઢયો	દ્રાક્ષ	રસ્તે	**મળ્યો**
ચાલ્યાં	પિત્તળ	લકકડ	આપ્યું	**દોસ્ત**
ભાગ્યશાળી	ફકકડ	સજ્જડ	પ્રેમ	**રહ્યા**
કહ્યું	પુછયું	ત્રણ	મહાના	**પડયો**
ઝાલ્યો	છપ્પો	વિદ્યા	મસ્તી	**પુત્ર**
બાંધ્યો	પાડયું	શીખ્યું	વિચાર્યું	ગમ્યું
ચઢયું	પહોંચાડયો	માર્યો	સરજ્યો	**માંડયું**

જકડી	બચ્યું	પ્રાણી	રાખ્યું	અજાણ્યું
લાગ્યું	સમજાવ્યું	ઊંઘ્યાં	ફાવ્યો	પહોંચ્યું
માંડ્યું	આણ્યું	પસ્તાયો	મહેલ	ગમ્યું
ઊઠ્યો	કરડ્યો	પહેર્યો	ફાવ્યો	ભીડ્યો
છરી	ચતુર	ચકમહેલ	ચકકર	કચ્છ
પ્રમાણે	હુન્નાવ્યો	કર્યાં	બન્યા	કિલ્લો
ઉઠાડ્યો	રચ્યા	દહ	છુટી	મિત્ર
બોલ્યો	ક્યારે	જામ્યો	કર્યું	પાળ્યું
અર્ધું	સ્વાદ	ધાન્ય	ઊંચ્યું	દોડ્યો
પૂછ્યું	પસ્તાયો	જણાવ્યું	દાબ્યા	ક્લેશ
કર્તા	ભાંગ્યો	અપાવ્યું	માગ્યું	રામચંદ્ર
શ્રીરામ	કૌશલ્યા	પ્રધાન	જંત્ર	દર્પણ
નિંદ	ઉગે	ઇચ્છા	ધર્યાં	માર્યાં
ગણકાર્યું	સર્વ	શીખ્યું	શક્યું	ચડ્યાં
વળ્યું	મંગાવ્યા	વિચાર્યું	બ્રાહ્મણ	ગુસ્સા
વિદ્યાર્થી	મુર્ખ	વિદ્યા	ભક્ત	ઇશ્વર
નાખ્યું	માર્યો	પસ્તાઇ	ગાર્ડ	મેળવ્યો
સ્ટેશન	સોંપ્યો	પડ્યો	નસાડ્યો	ત્રીજાએ
જણાવ્યું	બ્રાહ્મણ	આવ્યા	ફેંક્યું	બચ્યો
ખડકો	ખવડાવ્યા	માન્યો	[illegible]	અહેલા
સાંભળ્યો	ચેકખું	જડ્યું	[illegible]	[illegible]
ઉંચક્યા	ખુલ્લું	[illegible]	[illegible]	[illegible]
[illegible]	ભુખ્યા	[illegible]	[illegible]	[illegible]
બચાવ્યું	ભર્યાં	[illegible]	[illegible]	[illegible]
રડ્યુ ખડ્યું	[illegible]	[illegible]	[illegible]	તીર્થ
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
ફેંક્યો	ફેંટ્યા	[illegible]	[illegible]	[illegible]
ચોકમાં	ભુક્યો	ધ્રૂજતો	જે	પહોંચ્યાં
સ્ત્રી	જડ્યો	અર્ધા	પુષ્કળ	સરજાવ્યા

સૂર્ય	પલ્લવ	સંકોચ	વનસ્પતિ	સ્વાદ
પશ્ચિમ	ઉત્તર	માસ્તર	સ્લેટ	વિજય
ભમરી	વરસો	ઠીંગો	સુકાવ્યું	ક્યારડા
વર્ગ	વર્ણન	લલ્લુ	ઈશ્વરલાલ	બતાવ્યું
બંદોબસ્ત	ડાકતર	બેઠું	લક્ષ્મણ	નિશ્ચય
છિદ્રો	ચિત્રો	અત્તર	ઊગ્યું	ગુચ્છો
ટટ્ટુ	ઉત્તમ	અન્ના	ટુકડો	ત્રાપાળ
ઉદ્યોગી	વસ્તુ	પ્રીતિ	રેટ્ટી	નક્કર
ટેકુ	કળાગર	ખચ્ચર	વળા	ઈંઢિયો
સ્વાદ	ફુદી	વત્તા	બારતો	કમાવ્યાં
બાવચા	તિથિ	પખવાડીઆં	સરૈયા	અકરૂં
નિશાન	મસ્તી	અટકચાળા	ઓરડવેસડ	દીકરી
અભાગીઉં	વિબાય	ગોંધતો	શિયાળ	ઢોંગ
ભાગ્યો	પાટણુન	અનંત	નિરધાર	ભૂ થાપ
ટપોટપ	પેંતરા	બહાદરી	ગેઠીદડા	કુટુંબ
સોદામણી	અંઠી	ઠીંગણી	અઈઅરો	સંતાપ
ચીથરા	વિવાહ	નિંદ	ખેંચતાણ	બળવંતા
ઝાપટ	માદાળીઉં	મંતરમંતર	ભાંગીતૂટી	કમ્મરોડ
ફુંફાળું	સરનામું	મિલો	મિનિટ	સંદેશો
ઠીમણું	દ્વારડું	ચિંચોળો	ટંચ	નીમણૂંક
ચીતરામણ	હોંશિયાર	ટેકા	કિનારો	દાનત
હાડકું	સંદેહ	ઠવકું	અભડાગો	કુંવરૂં
લુગડું	ગાળાગોળ	ચટાપટા	શિખામણ	સંપત
સુરતા	દેશાવર	ખુબસુરત	બરદાસ	દુઃખ
ખડખડાટ	દુબળા	સંકટ	પાણી	શીંગડાં
જરદી	ધગધગતી	સિંહ	ડિઅર	ટાંકણું
ઓચીતી	રાજપાટ	પ્રમાણે	તડંગબુમ	ચહાઉ
મમત	ઉપરાંત	સાહુકાર	તળાવડી	શેસો
ખંતીલા	અંગુઠાઆં	કુંકડું	જગપતિ	મહિમા

સોરિતા	સિંધુ	નિશાળ	માતેલા	વિશેષ
દિશા	કસરતશાળા	આથમણી	દક્ષિણ	કુટપડી
ખુરસી	નિચાણ	નિશાળ	અધિકારી	હુંડી
ટપાલી	શિયાળો	ઘોંઘાટ	દાતણ	ટિકીટ
સેકન્ડ	જંતુ	વિષે	કોથળો	કંસારા
કથરોટ	ચંબુ	તાંબાકુંડી	ટંકશાળ	તાંબું
ચળકાટ	મજાગરાં	શિરોઈ	થાળી	લોટા
ખુજલી	સુપડાં	ઝીંઝવા	ધુપેલ	સુંવાળી
તમાકુ	સુગંધ	પાંદડાં	સળંગ	સેંકડો
રાતડીઆ	મહીકાંઠા	ઢેબરાં	હળપુણી	ધુંસરી
સંતોષ	કોવત	કોઠ	ભોંચ	અથાણું
ચરણી	ફુલ	પાકટ	વેંત	તાવડા
શિઆળવાં	હિસાબ	સફેદ	ઘઉં	ક્ષણ
મધપુડો	ઈંડાં	આળસુ	જીરડાં	ચીકટ
કુકડો	દાંડીઆ	ભિંજાતું	દાઢ	આંગળાં
મજબુત	મજબુત	મુણમોચરે	ભુરૂં	નુકસાન
દાળડો	નીમકહલાલ	સુંવાળા	ભુસું	શરત
નાળબંધ	અડીલ	ગધેડું	ભૂંકે	પુંછડી
હુંકે	તાળવું	ઢીંચણ	કાંડું	ધુંટી
ધબાકો	સ્વાદ	સુધી	જાંઘ	સાથળ
જ્ઞાન	સાહ્યા	કેસરીઆ	ઢાંકણ	ફુલાલીન
રૂવાંટી	દોશીવાણી	આભીંગડાં	શીંગડાં	ડીલ
ઊન	છીંટ	સુથાર	ઉજાસ	વૈશાખ
અશાડ	સગડી	ઢેડ	મહેનત	દિવાળી
સિપાઈ	ઠીકરૂં	હુંફ	ગાડરાં	ઠંડ
ફૂટીને	વડ	વીંછી	પસ્તાયો	પુતળું
મૂંજ	ભૂંકયો	સાંઠા	સંબંધી	ફીકર
ઠેકડા	ઉદસીંગ	ભિખારી	હંમેશાં	જોડવાં

સમાપ્ત